“ બુધવારની સાપ્તાહિક પૂર્તિ ”
ઉત્સવ
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 244 | AD - 2026, Jeth Vad -10 | Wednesday, Dt. 10-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ચોમાસાના પવનો સક્રિય થતાં જ દેશના અનેક મેદાની રાજ્યોમાં કાળઝાળ ગરમીથી લોકોને મોટી રાહત મળી**

# દક્ષિણ ભારતમાં વાવાઝોડા સાથે ભારે વરસાદથી પૂરની સ્થિતિ

નવી દિલ્હી,તા.૦૯

ચોમાસાના પવનો સક્રિય થતાં જ દેશના અનેક મેદાની રાજ્યોમાં કાળઝાળ ગરમીથી લોકોને મોટી રાહત મળી છે. પ્રી-મોનસુન પ્રવૃત્તિઓના કારણે ઘણા વિસ્તારોમાં કલાકના ૫૦ થી ૬૦ કિલોમીટરની ઝડપે તેજ પવન ફૂંકાઈ રહ્યો છે અને તેની સાથે ભારે વરસાદ પણ વરસી રહ્યો છે. ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં મંગળવારે આવેલા ભયાનક વાવાઝોડાને કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયાના અહેવાલો સાંપડ્યા છે. દક્ષિણ ભારતમાં ખાસ કરીને કેરળ અને કર્ણાટકમાં છેલ્લા ચાર દિવસથી અવિરત વરસાદ પડી રહ્યો છે. મંગળવારે બેંગલુરુ અને બેલગાવમાં મુશળધાર વરસાદને કારણે માર્ગો પર પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને અનેક વાહનો પાણીના જોરદાર પ્રવાહમાં તણાતા જોવા મળ્યા હતા. ચોમાસું અત્યંત ઝડપથી આગળ વધી રહ્યું છે અને માત્ર પાંચ દિવસના ટૂંકા ગાળામાં તેણે દેશના ૧૩ રાજ્યોને આવરી લીધા છે. સોમવારે તેલંગાણામાં પ્રવેશ કર્યા બાદ હવે ચોમાસું મુંબઈથી આશરે ૧૫૦ કિલોમીટર જેટલું જ દૂર છે, જેથી આગામી ૪૮ કલાકમાં મુંબઈમાં સત્તાવાર ચોમાસાની દસ્તક થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી બે દિવસમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં પણ ચોમાસું વિધિવત રીતે પહોંચી જશે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે થી ત્રણ દિવસમાં ચોમાસું કર્ણાટક, મહારાષ્ટ્ર,




તમિલનાડુ, આંધ્ર પ્રદેશ અને પૂર્વોત્તર ભારતના બાકીના ભાગોમાં આગળ વધશે. આ ઉપરાંત ઓડિશા, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ વરસાદની તીવ્રતા વધવાની પૂરેપૂરી સંભાવના છે. પૂર્વોત્તરના રાજ્યો જેવા કે આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના કેટલાક વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે બિહાર, ઝારખંડ અને ઓડિશામાં ગાજવીજ અને વાવાઝોડા સાથે વરસાદી માહોલ જામશે. મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં કલાકના ૪૦ થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આગામી ૧૧મી જૂનની આસપાસ દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં ૫૦ થી ૭૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સાથે વરસાદ પડી શકે છે. પહાડી વિસ્તારો જેવા કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં વરસાદની સાથે કરા પડવાની આશંકા છે. એક તરફ દેશના દક્ષિણ અને પૂર્વોત્તર ભાગોમાં મેઘરાજા મહેરબાન થયા છે, તો બીજી તરફ ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યો હજુ પણ ભીષણ ગરમીની ચપેટમાં છે.

રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં સૂર્યદેવનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગે દેશના આઠ રાજ્યોમાં લૂ એટલે કે હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. સોમવારે રાજસ્થાનના શ્રીગંગાનગરમાં મહત્તમ તાપમાન ૪૫.૬ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું નોંધાયું હતું, જ્યારે દેશની રાજધાની દિલ્હીમાં પણ મહત્તમ તાપમાન ૪૩.૪ ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું હતું. આગામી ૧૦મી જૂન સુધી આ વિસ્તારોમાં તાપમાનનો પારો હજુ ઊંચો જવાની શક્યતા હોવાથી નાગરિકોને ગરમીથી બચવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# મહારાષ્ટ્રના અમલનેર નજીક અકસ્માતમાં ગુજરાતી પરિવારના ૪ સહિત ૬ના મોત

અમલનેર,તા.૦૯

મહારાષ્ટ્રના અમલનેર-ધુલે રોડ પર સોમવારે સવારે સર્જાયેલા ભયાનક ત્રિપલ અકસ્માતમાં ગુજરાતી પરિવારના ચાર સભ્યો સહિત કુલ છ લોકોના કરુણ મોત થયા હતા. હોટલ વૃંદાવન અને મંગરૂલ ગામ નજીક એસટી બસ, કાર અને બાઈક વચ્ચે થયેલી આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ સર્જ્યું છે. પરિવાર સગાઈના શુભ પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યો હતો, પરંતુ માર્ગમાં જ અકસ્માત નડતા ખુશીનો માહોલ માતમમાં



ફેરવાઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, એસટી બસ અને બાઈક અમલનેરથી ધુલે તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ધુલે તરફથી આવી રહેલી એક કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી કાર સીધી એસટી બસ અને બાઈક સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર અને બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને ઘટનાસ્થળે જ ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર ધરનગાંવના બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે કારમાં સવાર નંદલાલ ગોપાલ મહાજન, સુરેશ વિક્રમ મહાજન, અનિતા સુરેશ મહાજન અને નિર્મળા નંદલાલ મહાજનનું પણ સ્થળ પર જ અવસાન થયું હતું. મૃતકો અમલનેર ખાતે યોજાયેલા સગાઈ સમારોહમાં ભાગ લેવા જઈ રહ્યા હતા.

અકસ્માતની જાણ થતાં પોલીસ અને રાહત ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. આ દુર્ઘટનાએ મૃતકોના પરિવારોમાં ભારે શોકની લાગણી ફેલાવી છે.

# જયપુરની ફટાકડા ફેક્ટરીમાં ભીષણ આગ, બાળક સહિત ૪ના કરૂણ મોત

**અનેક મજૂરો ગંભીર રીતે દાઝ્યા, બચાવ કામગીરી દરમિયાન સ્થાનિક યુવક પણ ઇજાગ્રસ્ત**

જયપુર,તા.૦૯

રાજસ્થાનના જયપુર શહેરના ખોહ નાગોરિયાન વિસ્તારમાં આવેલી એક ફટાકડા ફેક્ટરીમાં મંગળવારે સવારે લગભગ ૧૧ વાગ્યે ભીષણ આગ લાગતા ચાર લોકોના કરુણ મોત થયા હતા, જ્યારે ચાર મજૂરો ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર માટે




હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતકોમાં રહીમ, રૂબીન (૧૫) અને અબ્દુલ વાહિદનો સમાવેશ થાય છે, જ્યારે એક મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.ઘાયલોમાં નાસિર ખાન (૨૩), સમીર ખાન (૩૦), બિલાલ (૩૦) અને આદિબ (૨૫)નો સમાવેશ થાય છે. તમામને જયપુરની એસએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર મોટાભાગના ઘાયલોના શરીરનો લગભગ ૯૦ ટકા ભાગ દાઝી ગયો છે.જયપુરના કલેક્ટર સંદેશ નાયકે જણાવ્યું કે ખોહ નાગોરિયનના આયેશા નગર તલાઈ વિસ્તારમાં આવેલી આ ફેક્ટરીમાં જ્વલનશીલ પદાર્થોના કારણે આગ ફાટી નીકળી હતી. ઘટનાસ્થળે પહોંચેલા સ્થાનિક રહેવાસી હાશિમ અન્સારીએ જણાવ્યું કે આગની જાણ થતાં તેઓ બચાવ કાર્યમાં જોડાયા હતા અને ત્રણથી ચાર લોકોને બહાર કાઢવામાં સફળ રહ્યા હતા.





# અમરનાથની યાત્રાને લઈ અમિત શાહની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાશે

નવી દિલ્હી,તા.૦૯

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ૧૨ જૂને દિલ્હીમાં અમરનાથ યાત્રાની સુરક્ષા અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજશે. બેઠકમાં યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા, સ્વાસ્થ્ય સેવાઓ, સ્વચ્છતા, આવાસ અને સંચાર સુવિધાઓ સહિત યાત્રાળુઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી જરૂરી સેવાઓની સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત **Jammu and Kashmir**ની વર્તમાન સુરક્ષા સ્થિતિ અંગે પણ ચર્ચા થશે.



બેઠકમાં ઉપ રાજ્યપાલ **Manoj Sinha** સહિત વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે. ૩ જુલાઈથી શરૂ થનારી ૫૭ દિવસીય અમરનાથ યાત્રા માટે કેન્દ્ર સરકારે ૬૭૦ અર્ધસૈનિક દળોની કંપનીઓની તૈનાતીને મંજૂરી આપી છે.






# અમરેલી જિલ્લા બિલ્ડર એસો.એ કૌશિક વેકરીયાને જન્મદિનની શુભકામના પાઠવી

અમરેલી,તા.૦૯

રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના જન્મદિવસના શુભ અવસરે અમરેલી બિલ્ડર્સ એસોસિએશનના હિંમતભાઈ સોળીયા, દયાળભાઈ સંઘાણી, રાજુભાઈ શિયાણી, સંજયભાઈ વાગડિયા, હિરેનભાઈ રાછડિયા, પારસ છત્રોલા, વિજયભાઈ કાછડિયા,ચંદ્રેશભાઈ ખણેસા તેમજ



નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધી સંદીપભાઈ માંગરોળીયાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવીહતી. તેમના સુખ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# વડીયાના તત્કાલીન સિવિલ જજ વિપુલ જોષી સેવામાંથી બરતરફ

વડીયા, તા. ૦૯

વર્ષ ૨૦૨૨ દરમિયાન વડીયાના તત્કાલીન પ્રિન્સિપલ સિવિલ જજ વિપુલકુમાર મહેશકુમાર જોષીને રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી સરકારી સેવામાંથી બરતરફ કર્યા છે. વડીયામાં ફરજ દરમિયાન સ્ટાફ, વકીલો અને પોલીસ તંત્ર પ્રત્યેના તેમના અયોગ્ય વલણને કારણે સ્થાનિક બાર એસોસિએશને હાઈકોર્ટ સુધી લેખિત રજૂઆતો કરી હતી, તેમજ વકીલોએ કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો નિર્ણય કર્યો હતો.ત્યારબાદ તેમની જૂનાગઢ બદલી કરીને વિભાગીય તપાસ સોંપવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના માર્ગદર્શન હેઠળ થયેલી આ તપાસમાં તેઓ કસુરવાર ઠરતા કાનૂની વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સિવિલ સર્વિસ નિયમો હેઠળ આ કડક હુકમ કરાયો છે.

# પોક્સો કેસનો ફરાર આરોપી રાજુલા પોલીસના હાથે ઝડપાયો

રાજુલા, તા. ૦૯

રાજુલા પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનાના એક ફરાર આરોપીને ઝડપી પાડવામાં પોલીસે સફળતા મેળવી છે. આરોપી પોતાની કાયદેસરની ધરપકડથી બચવા માટે સ્થળાંતર કરીને ભાગતો ફરતો હતો.



પોલીસ દ્વારા ફરાર આરોપીઓને પકડવા માટે વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન રાજુલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ટેકનિકલ વિશ્લેષણ અને હ્યુમન સોર્સની મદદથી કડી તાલુકાના થોળ ગામ નજીકથી આરોપી તથા ભોગ બનનારને શોધી કાઢ્યા હતા. પોલીસે પકડાયેલા આરોપી અર્જુન રણછોડભાઈ ઠાકોર, રહે. હીંડોરણા, તા. રાજુલા, સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાબરાના ઘુઘરાળા ગામે પુલની કામગીરી પૂર્ણ થતા બસનો ભાગ રોડને અડતો હોવાથી ગ્રામજનોમાં આક્રોશ

બાબરા, તા. ૦૯

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે ચાલી રહેલી પુલની કામગીરી પૂર્ણ થતાં વાહન વ્યવહાર માટે માર્ગ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

જોકે, વાહનોની અવરજવર શરૂ થતાં જ કામગીરીની ગુણવત્તા અને ડિઝાઈન અંગે પ્રશ્નો ઊભા થયા છે. એક




લક્ઝરી બસ પુલ પર ચડતી વખતે તેનો પાછળનો ભાગ રોડને અડી જતો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. જેના કારણે સ્થાનિક લોકોમાં આશ્ચર્ય અને રોષની લાગણી જોવા મળી રહી છે.

સ્થાનિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે પુલની કામગીરી દરમિયાન યોગ્ય ટેકનિકલ માપદંડો અને વાહન વ્યવહારની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવી હતી કે નહીં. લોકોમાં જવાબદાર તંત્ર અને સંબંધિત એન્જિનિયરો સામે યોગ્ય તપાસ કરી જરૂરી પગલાં લેવા માંગ ઉઠી છે. સ્થાનિકો કહે છે કે, ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં જ તંત્ર દ્વારા આ મુદ્દે ગંભીરતાથી ધ્યાન આપી યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી છે.

# અમરેલીમાં કૌશિક વેકરિયાના જન્મદિને વૃક્ષારોપણ કરાયું, શિતલ આઈસ્ક્રીમ દ્વારા ૧૦૦૧ વૃક્ષ વાવવાનો સંકલ્પ

અમરેલી,તા.૦૯

રાજ્યના ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાના જન્મદિવસ નિમિત્તે અમરેલી શહેર ભાજપ, કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ અમરેલી તથા સહભાવના વૃક્ષધામ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થળ પર



૧૧૧ વૃક્ષના વાવેતર સાથે અમરેલી વિધાનસભામાં ૫૧૦૦૦ વૃક્ષના વાવેતરનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું અને વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા માટે સૌને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ તકે શિતલ આઈસ્ક્રીમ ડીજેબીએસ ફાઉન્ડેશન દ્વારા ૧૦૦૧ વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવાયો હતો.

## બાબરામાં મકાનની બાજુમાં નવું મકાન ખરીદવા મુદ્દે

# ‘તારા લીધે જ આ માથાકૂટ થાય છે‘ કહી કુટુંબીજનોમાં બબાલ થઈ

**સામસામે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ**

બાબરા, તા. ૦૯

બાબરામાં મકાનની બાજુમાં જ નવું મકાન ખરીદવા મુદ્દે કુટુંબીજનોમાં ડખો થયો હતો અને મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. બંને પક્ષોએ સામસામે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. સાયબાબેન સામતભાઈ વાઘેલા (ઉ.વ.૨૪)એ સંજયભાઈ મનસુખભાઈ વાઘેલા, સંતોષભાઈ મનસુખભાઈ વાઘેલા, શોભાબેન સંજયભાઈ વાઘેલા, મીનાબેન સંતોષભાઈ વાઘેલા તથા ભાનુબેન મનસુખભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે આરોપીઓના મકાન પાસે નવું મકાન ખરીદ્યુ હતું, જે બાબત તેમને ગમી ન હતી. આથી એકસંપ થઈ લોખંડની પાઈપ, ધારીયું, પથ્થરો જેવા પ્રાણઘાતક હથિયારો સાથે ગેરકાયદે મંડળી રચી તેમને તથા સાક્ષીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત તેમના વાળ પકડી પછાડી દઈ, તેમને તથા સાક્ષીઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ સામે પક્ષે સંજયભાઈ મનસુખભાઈ વાઘેલા (ઉ.વ. ૨૪) એ બટુકભાઈ ભાણાભાઈ વાઘેલા, સામતભાઈ બટુકભાઈ વાઘેલા, સાયબાબેન સામતભાઈ વાઘેલા તથા દેવાયતભાઈ બટુકભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ફરિયાદી તથા આરોપીઓ કુટુંબીઓ થતા હતા. સાયબાબેન વગેરેએ તેમના ઘર પાસે નવું મકાન ખરીદ્યું હોવાથી તેમની તથા આરોપીઓની મહિલાઓ અંદરોઅંદર માથાકૂટ કરતી હતી. આરોપીઓએ તેમને કહેલ કે, “તારા લીધે જ આ માથાકૂટ થાય છે”, તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપીને ઢીકાપાટુનો માર મારી પછાડી દીધા હતા તેમજ વાળ પકડી બે ઝાપટ મારી હતી. ઉપરાંત લોખંડની પાઈપ વડે જમણા હાથે ફટકો મારી, જમણા હાથની ટચલી આંગળીએ ફ્રેક્ચર કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં બે સ્થળેથી દારૂ અને એક સ્થળેથી બીયરનો જથ્થો ઝડપાયો

અમરેલી, તા. ૦૯

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી દારૂ અને એક સ્થળેથી બીયરનો જથ્થો ઝડપાયો હતો. દામનગરના પાડરશીંગા ગામના પેટ્રોલ પંપની પાછળથી મયુરભાઈ બાબુભાઈ જેબલીયા (ઉ.વ.૩૫, ધંધો-ડ્રાઈવિંગ, રહે. ગુંદરણ ગામ, તા. લીલયા મોટા) તથા હરદિપભાઈ ચંપુભાઈ ખુમાણ (ઉ.વ.૨૭, ધંધો-ડ્રાઈવિંગ, રહે. પાડરશીંગા ગામ, તા. લાઠી) પાસેથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની ૯૬ બોટલ, બે મોબાઈલ અને મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૪૯,૫૦૪નો મુદ્દામાલ ઝડપાયો હતો.સાવરકુંડલામાં નેસડી રોડ પર આવેલી રઘુવંશીપરા શાળા નં-૫ પાસેથી અભિષેક ઉર્ફે અરવિંદભાઈ વાળોદરા (ઉ.વ.૩૪) પાસેથી ભારતીય બનાવટના બીયરના ૫ ટીન મળી આવ્યા હતા. રાજુલાના વડ ગામેથી ગૌતમભાઈ મધુભાઈ બોરીચા (ઉ.વ. ૩૦)ના રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની ૯ બોટલ મળી આવી હતી. આ સિવાય જાફરાબાદમાં બે સ્થળેથી ૪ લિટર દેશી દારૂ ઝડપાયો હતો, તેમજ રાજુલાના હિંડોરણા ગામેથી ત્રણ સહિત કુલ ૮ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# બાબરાના ઈસાપર ગામેથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી

બાબરા, તા. ૦૯

અમરેલી જિલ્લામાં વધુ એક પરિણીતા લાપતા થઈ હોવાનો બનાવ બનવા પામ્યો છે.બાબરાના ઈસાપર ગામેથી એક પરિણીતા ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે નરેશભાઈ નાગજીભાઈ ધાધલ (ઉ.વ. ૩૬) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની સોનલબેન (ઉ.વ. ૩૧) તા. ૦૮/૦૬/૨૦૨૬ ના બપોરના આશરે બે વાગ્યાથી સાંજના છએક વાગ્યા દરમિયાન ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા. પરિવારજનો દ્વારા શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જયદેવસિંહ ચંદુભા સોલંકી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

**પરિણીતાની કોઈ ભાળ ન મળતા પોલીસને જાણ કરાઈ**

## વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલમાં આધુનિક કેન્સર વિભાગનો કરાયો શુભારંભ

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૨૪ લાખથી વધુ દર્દીઓએ મેળવી વિનામૂલ્યે સારવાર

અમરેલી, તા. ૦૯

સરકાર સાથે પીપીપી ધોરણે અને ગજેરા ટ્રસ્ટ સંચાલિત અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. વર્ષ ૨૦૧૯માં શરૂ થયેલી આ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં ૨૪.૮૬ લાખથી વધુ લોકોએ વિનામૂલ્યે સારવાર મેળવી છે. માત્ર વર્ષ ૨૦૨૬ના પ્રથમ પાંચ મહિનામાં જ ૧.૯૮ લાખ દર્દીઓએ ઓપીડી, ૨.૬૦ લાખ લેબોરેટરી તપાસ અને ૯,૨૦૦ ઓપરેશનોનો લાભ લીધો છે.ગજેરા ટ્રસ્ટના ચેરમેન વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલનું આધુનિકીકરણ કરીને ૭૦૦ બેડની ક્ષમતાવાળું



બિલ્ડિંગ તૈયાર કરાયું છે. ટ્રસ્ટ દ્વારા દર્દીઓને નિષ્ણાત ડોક્ટરોનું કન્સલ્ટેશન, દવાઓ, લેબોરેટરી, સોનોગ્રાફી, એક્સ-રે તેમજ દર્દી અને સગાઓ માટે ભોજન પણ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે છે. સીટી સ્કેન અને એમઆરઆઈ જેવી સુવિધાઓ નજીવા દરે ઉપલબ્ધ છે.અમરેલી જિલ્લાના દર્દીઓને કેન્સરની ગંભીર બીમારી માટે અગાઉ રાજકોટ કે અમદાવાદ જવું પડતું હતું. આ મુશ્કેલી નિવારવા હોસ્ટિલમાં હવે નવો ‘કેન્સર વિભાગ‘ કાર્યરત કરાયો છે,જ્યાં કીમોથેરાપી અને ઓપરેશનની સુવિધા સ્થાનિક સ્તરે જ મળશે. હોસ્પિટલ મેનેજમેન્ટના ભરતભાઈ ધડુકના જણાવ્યા મુજબ, આગામી સમયમાં કેન્સરમાં રેડિયેશન થેરાપી અને હૃદયરોગની સારવાર માટે કેથલેબ પણ શરૂ કરવાનું આયોજન છે.









**દરિયાકાંઠાના વિસ્તારોમાં ચોમાસુ વેકેશનનો સદ્ઉપયોગ કરવાના હેતુથી**

# જાફરાબાદ પંથકના માછીમારો બોટોના સમારકામમાં લાગ્યા

**૧૫ ઓગષ્ટ પછી તમામ બોટ ફરી ક્રેન દ્વારા દરિયામાં ઉતારવામાં આવશે**

જાફરાબાદ,તા.૦૯

જાફરાબાદ, શિયાળબેટ અને ચાંચબંદર સહિત અમરેલી જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારો માટે ચોમાસાનું વેકેશન સત્તાવાર રીતે શરૂ થઈ ગયું છે. ચોમાસાની ઋતુ દરમિયાન દરિયામાં કરંટ વધુ રહેતો હોવાથી અને માછલીઓના પ્રજનનનો સમય હોવાથી સુરક્ષાના ભાગરૂપે માછીમારી કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ કારણે હાલના તબક્કે આશરે ૭૦૦ જેટલી નાની-મોટી બોટોને કિનારે લાંગરી દેવામાં આવી છે. આ લાંબા સમયગાળા દરમિયાન દરિયાખેડુઓ નવરા બેસી રહેવાના બદલે પોતાની બોટોના સમારકામ





તસવીર : બાબુભાઈ વાઢેળ

અને નવીનીકરણની વિવિધ કામગીરીઓમાં પૂરજોશમાં વ્યસ્ત થઈ ગયા છે.માછીમારીના વ્યવસાય સાથે વર્ષોથી સંકળાયેલા સ્થાનિક ખારવા અને કોળી સમાજના માછીમારો આ વાર્ષિક વેકેશનનો રચનાત્મક ઉપયોગ કરે છે. બંદર પર અત્યારે જૂની બોટોનું સમારકામ, જરૂરિયાત મુજબ નવી બોટોનું નિર્માણ, માછલીઓ સાચવવા માટેના કોલ્ડ સ્ટોરેજની મરામત તેમજ ફાટી ગયેલી માછીમારીની જાળીઓને ગૂંથવા જેવી નાની-મોટી અનેક કામગીરીઓ ચાલી રહી છે. જાફરાબાદના સ્થાનિક ખલાસી ધવલ સોલંકીના જણાવ્યા અનુસાર, બોટોના ટેકનિકલ સમારકામ ઉપરાંત ચોમાસાનો આ આખો સમયગાળો માછીમાર પરિવારો માટે સામાજિક વ્યવહારો, લગ્ન પ્રસંગો અને અન્ય પારિવારિક કાર્યો પૂર્ણ કરવા માટે પણ ખૂબ અનુકૂળ રહે છે. હાલમાં જ બંદર પર અંદાજે ૧૫૦ થી ૨૦૦ જેટલી બોટોમાં કલરકામ અને સમારકામ ચાલી રહ્યુ છે. જાફરાબાદ માછીમાર બોટ એસોસિએશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકીએ આ અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલ બંદર પર પરંપરાગત લાકડાની તેમજ આધુનિક ફાઈબરની બોટોને નવીન નવસાધ્ય કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. સરકારના નિયમ મુજબ આગામી ૧૫ ઓગસ્ટથી દરિયામાં માછીમારી કરવા માટેની વિધિવત પરવાનગી મળ્યા બાદ, તમામ બોટોને ક્રેન દ્વારા સુરક્ષિત રીતે દરિયાના પાણીમાં ઉતારવામાં આવશે અને ત્યારબાદ ફરી એકવાર આખોય દરિયાકાંઠો રોજગારીથી ધમધમતો થઈ જશે.

# ધારીમાં હોટલ અને રેસ્ટોરન્ટમાંથી ૧૬ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેબોરેટરીમાં મોકલાયા

અમરેલી,તા.૦૯

ધારી શહેર અને આસપાસના વિસ્તારોમાં પ્રવાસીઓ તથા ગ્રાહકોને શધ્ધ, સુરક્ષિત અને આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થાય તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિશેષ ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન વિવિધ હોટલ અને રેસ્ટોરન્ટોની મુલાકાત લઈ ખાદ્ય સુરક્ષા સંબંધિત નિયમોના પાલનની તપાસ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન પટેલ ડાઈનિંગ હોટલ, શ્રધ્ધા હોટલ, બ્રહ્મ ભોજનાલય, એસ.એસ. ફેન્સી ઢોસા અને અમીરસ રેસ્ટોરન્ટ સહિત કુલ પાંચ ખાણીપીણી એકમોની ચકાસણી કરવામાં આવી હતી. અધિકારીઓએ તૈયાર ખાદ્ય પદાર્થો તેમજ કાચા માલની ગુણવત્તા અને સ્વચ્છતા અંગે વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. આ કામગીરી દરમિયાન તૈયાર શાકભાજી, સાંભાર, ચટણી અને પનીર સહિત કુલ ૧૬ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ એકત્રિત કરી રાજ્યની માન્ય લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. પરીક્ષણના અહેવાલના આધારે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમન નિયમોનું પાલન થાય તે માટે સંચાલકોને સ્વચ્છતા જાળવવા તથા ગુણવત્તાયુક્ત કાચા માલનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી હોવાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી વર્તુળ દ્વારા જણાવાયું છે.

# લીલીયામાં CCTV બેકઅપ ન રાખતી બે આંગડિયા પેઢીઓ સામે પોલીસ કાર્યવાહી

લીલીયા, તા.૦૯

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કાયદો અને વ્યવસ્થા તેમજ સુરક્ષાના ભાગરૂપે બહાર પાડવામાં આવેલા જાહેરનામાની ઐસીતૈસી કરતી બે આંગડિયા પેઢીઓ સામે લીલીયા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આંગડિયા પેઢીઓમાં સુરક્ષા માટે અનિવાર્ય એવા CCTV કેમેરા અને તેના બેકઅપ અંગેના નિયમોનો ભંગ કરવા બદલ બે સંચાલકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.લીલીયામાં આવેલી 'પટેલ મહેન્દ્ર અરવિંદ' નામની આંગડિયા પેઢીમાં નિયમોનું સરેઆમ ઉલ્લંઘન જોવા મળ્યું હતું. આ પેઢીના સંચાલક દિનેશભાઈ નાનુભાઈ રાઠોડે પોતાની પેઢીમાં સીસીટીવી કેમેરા તો લગાવ્યા હતા, પરંતુ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ અનુસાર રાખવું જરૂરી એવું ૩૦ દિવસનું વીડિયો બેકઅપ રાખ્યું ન હતું. આવો જ બીજો કિસ્સો 'ગુજરાત' નામની આંગડિયા પેઢીમાં સામે આવ્યો હતો. આ પેઢીના સંચાલક મહેશભાઈ માધવલાલ પ્રજાપતીએ પોતાની આંગડિયા પેઢીમાં કેમેરા તો લગાવ્યા હતા, પરંતુ તેનું લાઈવ કે રેકોર્ડેડ ફૂટેજ જોવા માટે કોઈ મોનિટર (સ્ક્રીન) જ રાખ્યું ન હતું. આ ઉપરાંત, આ પેઢીમાં પણ નિયમ મુજબનું ૩૦ દિવસનું સીસીટીવી બેકઅપ મળી આવ્યું ન હતું. ઉલ્લેખનીય છે કે નાણાકીય હેરફેર કરતી આંગડિયા પેઢીઓની સુરક્ષા માટે સીસીટીવી અને તેનું ૩૦ દિવસનું રેકોર્ડિંગ રાખવું કાયદાકીય રીતે ફરજિયાત છે, જેમાં ચૂક થતાં પોલીસે આ કડક વલણ અપનાવ્યું હતું.

# વિકસિત ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત અમરેલીમાં પ્રગતિપથ યાત્રાનું આયોજન

અમરેલી,તા.૦૯

વડાપ્રધાન મોદીના કેન્દ્રમાં ૧૨ વર્ષના સુશાસન પૂર્ણ થવાના અવસરે સમગ્ર રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ અભિયાન હેઠળ વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે અમરેલી જિલ્લામાં પ્રગતિપથ યાત્રાનું આયોજન કરવામાં આવશે, જેમાં જિલ્લાના વિકાસકાર્યો અને મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત લેવામાં આવશે. યાત્રા દરમિયાન ભૂરખિયા હનુમાન, કલાપી મ્યુઝિયમ, એપીએમસી અમરેલી, અટલ સરોવર સાવરકુંડલા, મારુતિધામ તળાવ રાજુલા, વાદળિયા એમ.આઈ. એસ. ખાંભા, ધારી ખોડિયાર મંદિર, આંબરડી સફારી પાર્ક, અમરેલી રાજમહેલ અને ટાવર સહિતના સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. યાત્રામાં રાજ્યના મંત્રીઓ, પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાશે. બીજા તબક્કામાં સંતો, પ્રબધ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓને પણ જોડવામાં આવશે. યાત્રાની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

# રાજુલા બસ સ્ટેશનમાં ચોરી કરતા બંટી-બબલી ઝડપાયા

**પોલીસે મોટરસાયકલ સહિત કુલ રૂ.૧.૩૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી,તા.૦૯

રાજુલા બસ સ્ટેશન વિસ્તારમાં મુસાફરોના પર્સ અને કિંમતી વસ્તુઓની ચોરી કરતી પતિ-પત્નીની એક જોડીની રાજુલા પોલીસે સફળતાપૂર્વક ધરપકડ કરી છે. 'ઈગલ આઈ પ્રોજેક્ટ' હેઠળ સ્થાપિત CCTV કેમેરાની મદદથી પોલીસે ગણતરીની કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. મળતી માહિતી મુજબ, ૭ જૂન ૨૦૨૬ના રોજ સવારે કોડીનાર-વડોદરા રૂટની બસમાં ચડતી એક મહિલાની થેલીમાંથી અજાણ્યા શખ્સોએ સોનાનો ચેઈન, દિલ આકારનું સોનાનું પેન્ડલ તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૧.૦૫ લાખનો મુદ્દામાલ ચોરી લીધો



હતો. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. બસ સ્ટેશન અને આસપાસના CCTV ફૂટેજની તપાસ દરમિયાન એક શંકાસ્પદ મોટરસાયકલ નજરે પડતાં તેના આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ભીડનો લાભ લઈ મહિલાઓને નિશાન બનાવી ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે ચોરીનો મુદ્દામાલ અને ગુનામાં વપરાયેલ મોટરસાયકલ સહિત કુલ રૂ.૧.૩૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# અમરેલીમાં જિલ્લા ભાજપ કાર્યાલયે પદાધિકારીઓની બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૯

અમરેલીના જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને પદાધિકારીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં નરેન્દ્રભાઈ મોદીની અવિરત ૧૨ વર્ષની વડાપ્રધાન તરીકે સફળ સેવાની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોદી સરકારની વિવિધ સિધ્ધિઓની ઉજવણી માટે ૨૨ જુન સુધી વિવિઝ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે તેના ઈન્ચાર્જ તરીકે જીલ્લા ભાજપના ઉપપ્રમુખ મેહુલ ધોરાજીયા તેમજ સહ ઈન્ચાર્જ તરીકે રવુભાઈ ખુમાણ, દિવ્યેશ વેકરીયા, અરવિંદ ચાવડા તથા મહેશ જાવિયાને જવાબદારી સોપવામાં આવી છે. પાર્ટીની વિશેષ ઓળખ એટલે શિસ્ત, સેવા, સંગઠન અને રાષ્ટ્રપ્રેમના પાઠ ભણાવતા પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કરાશે. ૨૨ જુન થી ૧૦ જુલાઈ સુધીમાં મંડલ કક્ષાએ



અપેક્ષિત કાર્યકરોના પ્રશિક્ષણ વર્ગ યોજાશે. જેના ઈન્ચાર્જ તરીકે જીલ્લા ભાજપ ઉપપ્રમુખ શરદ પંડ્યા તેમજ સહ ઈન્ચાર્જ તરીકે રાજુભાઈ ભૂતૈયા, પી.વી. વસાણી, મનોજ મહીડા તથા રમાબેન હીરપરાની નિમણુક કરવામાં આવી છે.પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગમાં સાત વિષયો શિખવવામાં આવશે, જેના વક્તા તરીકે જીલ્લા ભાજપના ૪૮ સિનિયર અગ્રણીઓની જવાબદારી સોંપાઇ છે, તેની સૌરાષ્ટ્ર ઝોન કાર્યશાળા જુનાગઢ ખાતે યોજાશે. આ બેઠકમાં અતુલભાઈ કાનાણીએ જીલ્લા પંચાયતના નવનિયુકત પ્રમુખ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયાનું સન્માન કર્યુ હતું. આ ઉપરાંત અમરેલીના ધારાસભ્ય અને રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકારીયાને જન્મ દિવસની શુભકામના પાઠવી હતી.

# દામનગરમાં જર્જરીત વીજ થાંભલો હટાવવા ઉઠી માંગ

**અકસ્માત થાય તે પહેલા વીજપોલ હટાવવા રહીશોની માંગ**

દામનગર,તા.૦૯

દામનગર શહેરના કોળીવાડ વિસ્તારમાં જૈન વાડી પાસે, જૂની શાક માર્કેટ પાછળના ચોકમાં આશરે ચાલીસ વર્ષ જૂનો સિમેન્ટનો વીજ થાંભલો આવેલો છે. આ થાંભલો નીચેથી તદ્દન જર્જરીત થઈ ગયો હોવાથી ગમે ત્યારે પડી જવાનો અને મોટી દૂર્ઘટના સર્જાવાનો ભય રહે છે. ચોમાસું નજીક હોવાથી પ્રી-મોન્સૂન કામગીરીના ભાગરૂપે તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય આયોજન કરવું જરૂરી છે. આ જોખમી થાંભલો વાહનો અને રાહદારીઓ માટે પણ અડચણરૂપ સાબિત થઈ રહ્યો છે. કોઈ મોટી જાનહાનિ કે અકસ્માત થાય તે પહેલાં, સ્થાનિક પ્રશાસન અને વિદ્યુત બોર્ડ આ થાંભલાને અન્ય સલામત સ્થળે ખસેડે તેવી રહીશોની ઉગ્ર માંગ છે.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ધો. ૧૨ ઉચ્ચ ગ્રેડને – ધો. ૧૨ ની ફી પરત
સંકુલ કોલેજ પ્રવેશ આવશ્યક
★ ધો. ૧૨ સાયંસ A1 ગ્રેડને – ધો. ૧૨ ની ૧૦૦% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ સાયંસ A2 ગ્રેડને – ધો. ૧૨ ની ૫૦% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ સાયંસ B1 ગ્રેડને – ધો. ૧૨ ની ૨૫% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ A1 ગ્રેડને – ધો. ૧૨ની ૫૦% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ A2 ગ્રેડને – ધો. ૧૨ની ૨૫% ભરેલ ફી પરત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
- Ad102



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
▪ મનિષ વાકોતર ▪ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર



Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

તંત્રી લેખ

# ચીનમાં પવનથી ચાલતું પાણીની અંદર ડેટા સેન્ટર

આધુનિક વિશ્વમાં ડેટા સેન્ટરો ડિજિટલ અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે. ઈન્ટરનેટ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, સોશિયલ મીડિયા, ઓનલાઈન બેંકિંગ, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને વિવિધ ડિજિટલ સેવાઓના સંચાલન માટે ડેટા સેન્ટરો અનિવાર્ય બની ગયા છે. આ કેન્દ્રોમાં હજારો સર્વરો સતત કાર્યરત રહેતા હોવાથી મોટી માત્રામાં વીજળીનો વપરાશ થાય છે અને સાથે જ ભારે ગરમી ઉત્પન્ન થાય છે. આ ગરમીને નિયંત્રિત કરવા માટે વિશાળ પ્રમાણમાં પાણી અને ઠંડક પ્રણાલીઓની જરૂર પડે છે, જે પર્યાવરણ અને ઊર્જા બંને માટે પડકારરૂપ બની રહી છે. આ પડકારોનો ઉકેલ શોધવા માટે ચીને તાજેતરમાં વિશ્વનું પ્રથમ પવન ઊર્જાથી સંચાલિત પાણીની અંદરનું ડેટા સેન્ટર કાર્યરત કર્યું છે. શાંઘાઈના લિન-ગેંગ વિશેષ વિસ્તારમાં સમુદ્ર સપાટીથી આશરે ૩૨ ફૂટ નીચે સ્થિત આ ડેટા સેન્ટર ટેક્નોલોજી અને પર્યાવરણ વચ્ચે સંતુલન સ્થાપિત કરવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ માનવામાં આવે છે. તેની આસપાસ સ્થાપિત ૫૦થી વધુ પવનચક્કીઓ દ્વારા ઉત્પન્ન થતી સ્વચ્છ ઊર્જા આ કેન્દ્રને વીજ પુરવઠો પૂરો પાડે છે. પાણીની અંદર ડેટા સેન્ટર સ્થાપિત કરવાનો વિચાર સંપૂર્ણપણે નવો નથી. અમેરિકાની ટેક્નોલોજી કંપની માઈક્રોસોફ્ટે વર્ષ ૨૦૧૮માં 'પ્રોજેક્ટ નેટિક' હેઠળ સ્કોટલેન્ડના દરિયાકાંઠે પાણીની અંદર ડેટા સેન્ટરનો સફળ પ્રયોગ કર્યો હતો. આ પ્રયોગથી પ્રેરણા લઈને ચીનની હાઈક્લાઉડ કંપનીએ આ વિચારને વ્યાવસાયિક સ્વરૂપ આપ્યું છે અને તેને વધુ મોટા પાયે અમલમાં મૂક્યું છે.આ પ્રોજેક્ટનો સૌથી મોટો લાભ તેની ઊર્જા કાર્યક્ષમતા અને કુદરતી ઠંડક વ્યવસ્થા છે.

સંપૂર્ણ ક્ષમતા પર કાર્યરત આ ડેટા સેન્ટર લગભગ ૨૪ મેગાવોટ વીજળીનો ઉપયોગ કરે છે, જે અંદાજે ૨૦,૦૦૦ અમેરિકન ઘરોના વાર્ષિક વીજ વપરાશ જેટલો છે. તેમ છતાં, પવન ઊર્જાના ઉપયોગને કારણે સામાન્ય વીજ ગ્રીડ પર કોઈ વધારાનો ભાર પડતો નથી. સમુદ્રની અંદર સ્થિત હોવાથી સર્વરોને કુદરતી ઠંડક મળે છે, જેના પરિણામે દર વર્ષે આશરે ૨૬,૦૦૦ ટન પાણીની બચત થાય છે. આ ડેટા સેન્ટરમાં લગભગ ૨,૦૦૦ સર્વરો સ્થાપિત કરવામાં આવ્યા છે. કંપનીના જણાવ્યા મુજબ, પાણીની અંદર નિયંત્રિત વાતાવરણમાં સર્વરો વધુ સ્થિર રીતે કાર્ય કરે છે અને તેમની નિષ્ફળતાનો દર પણ ઓછો રહે છે. માઈક્રોસોફ્ટના અગાઉના પ્રયોગોમાં પણ પાણીની અંદર રહેલા સર્વરો જમીન પરના સર્વરો કરતાં વધુ વિશ્વસનીય સાબિત થયા હતા. જોકે આ ટેક્નોલોજી અનેક ફાયદા આપે છે, તેમ છતાં કેટલાક પડકારો પણ છે. ડેટા સેન્ટરમાંથી નીકળતી ગરમી દરિયાઈ પાણીના તાપમાનમાં થોડો વધારો કરી શકે છે. જોકે કંપનીનો દાવો છે કે આ વધારો ૧ ડિગ્રી સેલ્સિયસથી પણ ઓછો રહે છે અને દરિયાઈ પર્યાવરણ પર તેની અસર અત્યંત મર્યાદિત છે. ઉપરાંત, ખારા પાણીના કારણે સાધનોમાં કાટ લાગવાનો ખતરો અને સમારકામની જટિલતા પણ મહત્વના મુદ્દા છે. તેમ છતાં, નિષ્ણાતો માને છે કે પાણીની અંદરના ડેટા સેન્ટરો ભવિષ્યમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે એક અસરકારક વિકલ્પ બની શકે છે. ઊર્જા બચત, પાણીનું સંરક્ષણ અને જમીનની અછત જેવા પ્રશ્નોના ઉકેલ સાથે આ પ્રયોગ ટેક્નોલોજીના ક્ષેત્રમાં એક નવી દિશા દર્શાવે છે. ચીનનું આ અનોખું ડેટા સેન્ટર વિશ્વભરના દેશો માટે ભવિષ્યની ટકાઉ ડિજિટલ વ્યવસ્થાનું પ્રેરણાદાયક મોડેલ બની રહ્યું છે.

# વડીયાના સુરગપરા વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કામગીરીથી રહીશોને રાહત

વડીયા,તા.૦૯



વડીયા શહેરના સૌથી ઊંચા વિસ્તારમાં આવેલા સુરગપરાના રહીશોને ચોમાસા દરમિયાન પડતી ભારે મુશ્કેલીઓમાંથી હવે રાહત મળવાની આશા જાગી છે. વર્ષોથી ચોમાસામાં ઉપરવાસ અને ખેતરોમાંથી આવતું વરસાદી પાણી શેરીઓ અને ગલીઓમાંથી નદીની જેમ વહેતું હોવાથી સમગ્ર વિસ્તારમાં કાદવ, કીચડ અને ગંદકીની સમસ્યા સર્જાતી હતી. સ્થાનિક લોકોની લાંબા સમયથી ચાલતી આ સમસ્યાને ધ્યાનમાં રાખીને રૂપિયા ૧૩થી ૧૪ લાખના ખર્ચે ભૂગર્ભ ગટરની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની વિવિધ ગ્રાન્ટોના સહયોગથી આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અમલમાં મૂકાયો છે. કામગીરીમાં ઉચ્ચ ગુણવત્તાની પાઈપોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેથી ભવિષ્યમાં કોઈ પ્રકારની તકલીફ ઊભી ન થાય. ભવાની ચોકથી પોસ્ટ ઓફિસ સુધીનો વિસ્તાર હાલમાં કામ હેઠળ છે. આ કામગીરી પૂર્ણ થતાં સ્થાનિકોને ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાથી કાયમી રાહત મળશે.

# ડુંગર ગામે વેપારીના માથામાં ધારીયું ઝીકાયું

રાજુલા, તા. ૦૯

રાજુલાના ડુંગર ગામે એક વેપારી પર ધારીયા વડે હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. આ અંગે દિલીપભાઈ ચુનીભાઈ ગાજરીયા (ઉ.વ.૩૩)એ પલાભાઈ દુલાભાઈ ચંપટ તથા અન્ય બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, દિલીપભાઈ પોતાનું મોટરસાયકલ લઈને ડુંગર ગામે સાબુ વેચવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન બસ સ્ટેશન તરફ જવાના રસ્તા પર આરોપીઓ ઉભા હતા અને બે અજાણ્યા શખ્સોએ તેમને રોક્યા હતા. ત્યારબાદ આરોપી પલાભાઈ દુલાભાઈ ચંપટે તેમના હાથમાં રહેલા લોખંડના ધારીયાનો એક ઘા દિલીપભાઈના માથાના ભાગે મારી દીધો હતો, જેના કારણે તેમને માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. હુમલાને કારણે તેઓ નીચે પડી જતાં આરોપીઓએ પગના ભાગે પણ ધારીયાનો ઊંધો ઘા મારી મુંઢ ઈજા પહોંચાડી હતી.

# અમરેલીના મોટા ભંડારીયા ગામે ઝઘડાના મનદુખમાં ધમકી આપી

અમરેલી, તા.૦૯

અમરેલીના મોટા ભંડારીયા ગામે ઝઘડાના મનદુખમાં ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે વિપુલભાઈ નનુભાઈ ક્યાડા (ઉ.વ.૪૩)એ મંજુલાબેન મનસુખભાઈ ક્યાડા તથા પારૂલબેન મનસુખભાઈ ક્યાડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ અગાઉના થયેલ ઝઘડા બાબતે મનદુ:ખ રાખી મંજુલાબેન ક્યાડાએ તેમની દિકરી મસ્તીબેનને ટાંટીયા ભાંગી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જ્યારે પારૂલબેન ક્યાડાએ તેમની દિકરી મસ્તીબેનને પથ્થરનો છુટો ઘા મારી જમણા હાથ ઉપર મુંઢ ઈજા કરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ મનિષકુમાર ધીરૂભાઈ જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

આરોપી સાથે દિકરી ફોન પર વાત કરતી હોવાથી

# દિકરી પાસેથી ફોન લઈ લેતા પિતાને લોખંડના પાઈપથી ઢોર માર માર્યો

અમરેલી,તા.૦૯

**રાજુલાના ડુંગર ગામે બનાવ બન્યો**

રાજુલા તાલુકાના ડુંગર ગામે કલ્યાણનગરમાં રહેતા ૫૦ વર્ષીય પ્રવિણભાઈ દુલાભાઈ સંપટે મહુવાના દિલીપભાઈ સુનીલભાઈ ગાજરીયા વિરુદ્ધ હુમલો અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીની દીકરી રિંકલબેન આરોપી દિલીપભાઈ સાથે ફોન પર વાત કરતી હોવાથી, પિતા પ્રવિણભાઈએ તેની પાસેથી ફોન લઈ લીધો હતો. આ બાબતનું મનદુ:ખ રાખીને, જ્યારે ફરિયાદી મોટરસાયકલ લઈ પેટ્રોલ પુરાવવા જઈ રહ્યા હતા ત્યારે જીનના ખૂણા પાસે આરોપીએ એક્ટિવા પર આવી તેમને આંતર્યા હતા.

'તેં કેમ તારી દીકરી પાસેથી ફોન લઈ લીધો?' તેમ કહી આરોપીએ ગાળો ભાંડી હતી. ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ લોખંડના પાઈપ વડે પ્રવિણભાઈના માથામાં જમણી બાજુ કાનની ઉપર ઘા મારી દીધો હતો, જેના કારણે તેમને બે ટાંકા આવ્યા હતા. આરોપી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો.

# ધારી ગીર પૂર્વમાં ચીતલ અને સસલાના ગેરકાયદેસર શિકાર મામલે ચાર શિકારી ઝબ્બે

અમરેલી,તા.૦૯



ધારી ગીર પૂર્વ વન વિભાગે વન્યપ્રાણીઓના ગેરકાયદેસર શિકાર સામે મોટી કાર્યવાહી કરતાં ચાર શિકારીઓને હથિયારો અને મોટરસાયકલો સાથે ઝડપી પાડ્યા છે. પેટ્રોલીંગ દરમ્યાન દૂધાળા ગામના રેવન્યુ વિસ્તારમાં વન વિભાગની ટીમે ચાર ઈસમોને રંગેહાથ પકડી પાડ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓએ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ સુરક્ષિત ચીતલ અને ઈન્ડિયન હેર (સસલું)નો જામગરી બંદૂક વડે શિકાર કર્યો હતો. શિકાર બાદ પ્રાણીઓના મૃતદેહના ટુકડા કરી ચામડું અલગ કરીને કોથળીમાં ભરી પરિવહન કરવામાં આવી રહ્યું હતું. વન વિભાગે એક જામગરી બંદૂક, ધારીયું, છરી તથા ત્રણ મોટરસાયકલો જપ્ત કરી છે. ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી અટકાયત કરવામાં આવી છે. મૃત વન્યપ્રાણીઓને પોસ્ટમોર્ટમ માટે ધારી ખાતે મોકલી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ધારી તાલુકાના વીરપુર ગામે કબાટમાંથી રૂ. ૯૦ હજારની રોકડ રકમની ચોરી

ધારી, તા. ૦૯

ધારીના વીરપુર ગામે કબાટમાં રાખેલા રોકડા રૂ. ૯૦ હજારની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે જયંતીભાઈ મોહનભાઈ વાળા (ઉં.વ. ૪૦)એ શામજીભાઈ મનુભાઈ ચારોલીયાના દીકરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ વીરપુર ગામે તેમના રહેણાંક મકાનના રૂમની અંદર રહેલા કબાટના તાળા તોડી, મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી કબાટમાં રાખેલા રોકડા રૂ. ૯૦,૦૦૦ની ચોરી કરી હતી.

ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ રેખાબેન વજુભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૭૭૫ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૭ | ૫૮૨ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૧૫૮ |
| જુવાર લાલ | ૧૦૭૧ | ૧૧૨૫ |
| જુવાર પીળી | ૫૦૦ | ૬૨૫ |
| બાજરી | ૩૫૪ | ૫૦૫ |
| તુવેર | ૯૦૦ | ૧૪૭૫ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૧૮૯ |
| ચણા સફેદ | ૧૧૮૯ | ૧૬૧૮ |
| અડદ | ૧૩૦૫ | ૧૬૪૦ |
| મગ | ૧૨૨૧ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૭૮૦ | ૧૧૨૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૬૦૦ | ૮૬૧ |
| કળથી | ૩૩૩ | ૩૮૫ |
| રાજમા | ૮૦૦ | ૧૭૮૧ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૨૬૦ | ૧૬૧૫ |
| મગફળી જીણી | ૧૪૦૫ | ૧૭૧૫ |
| તલી | ૧૮૬૦ | ૨૪૫૦ |
| એરંડા | ૧૧૯૬ | ૧૩૧૮ |
| અજમો | ૨૦૦૦ | ૨૪૦૦ |
| સુવા | ૧૨૩૦ | ૧૪૬૪ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સીંગફાડા | ૧૪૩૦ | ૧૭૨૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૬૫૪ |
| લસણ | ૧૧૮૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૧૬૦ | ૨૪૮૦ |
| ધાણી | ૨૨૭૦ | ૨૫૪૭ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૮૬૦ |
| રાય | ૧૨૮૦ | ૧૬૯૯ |
| મેથી | ૧૦૫૦ | ૧૭૮૦ |
| અશેરીયો | ૧૦૦૮ | ૧૦૦૮ |
| કલોંજી | ૨૯૨૦ | ૩૪૦૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૪૧૪ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૮૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૨૩ | ૫૮૦ |
| લીંબુ | ૬૧૨ | ૧૨૨૪ |
| તરબુચ | ૧૦૧ | ૨૦૪ |
| પપૈયા | ૧૦૦ | ૨૦૧ |
| બટેટા | ૧૦૧ | ૨૭૮ |
| ડુંગળી સુકી | ૯૦ | ૩૬૧ |
| ટમેટા | ૪૮૪ | ૧૦૦૫ |
| સુરણ | ૮૨૭ | ૧૦૩૬ |
| કોથમરી | ૪૨૫ | ૬૩૦ |
| રીંગણા | ૧૭૪ | ૩૦૨ |
| કોબીજ | ૧૨૮ | ૨૫૪ |
| ફલાવર | ૩૨૫ | ૬૭૯ |
| ભીંડો | ૩૨૧ | ૬૬૪ |
| ગુવાર | ૩૬૮ | ૭૭૯ |
| ચોળાસીંગ | ૪૯૨ | ૮૮૦ |
| ટીંડોળા | ૩૮૭ | ૮૧૧ |
| દુધી | ૧૩૩ | ૨૦૬ |
| કારેલા | ૩૨૩ | ૪૯૪ |
| સરગવો | ૩૫૪ | ૭૩૪ |
| તુરીયા | ૩૩૪ | ૭૫૪ |
| પરવર | ૫૭૭ | ૭૩૩ |
| કાકડી | ૩૯૫ | ૭૮૮ |
| ગાજર | ૩૭૬ | ૫૬૬ |
| વટાણા | ૧૦૪૮ | ૧૪૪૧ |
| ગલકા | ૧૬૪ | ૩૮૬ |
| બીટ | ૨૦૨ | ૩૭૧ |
| મેથી | ૭૭૫ | ૧૦૨૧ |
| ડુંગળી લીલી | ૭૨૩ | ૯૮૦ |
| આદુ | ૧૭૮૦ | ૨૦૩૫ |
| મરચા લીલા | ૫૨૫ | ૮૩૭ |
| મકાઇ લીલી | ૨૨૧ | ૪૭૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૭૨૧ |
| ઘઉં લોકવન | ૪૩૮ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૬ |
| મગફળી જીણી | ૧૧૮૧ | ૧૬૯૧ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૮૬૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૦૧ |
| એરંડા/એરંડી | ૧૦૫૧ | ૧૩૧૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૩૯૮૧ |
| કલંજી | ૧૨૦૧ | ૩૪૦૧ |
| વરીયાળી | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૩૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૮૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૪૧૧ |
| અડદ | ૫૦૧ | ૧૬૪૧ |
| તુવેર | ૬૦૧ | ૧૫૧૧ |
| રાયડો | ૧૨૦૧ | ૧૩૪૧ |
| રાય | ૧૪૨૧ | ૧૫૩૧ |
| મેથી | ૯૪૧ | ૧૩૧૧ |
| કાંગ | ૨૫૦ | ૨૫૦ |
| સુરજમુખી | ૬૭૬ | ૯૪૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૫૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૬૮૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૪૧ |
| ધાણી | ૧૮૦૧ | ૨૬૮૧ |
| બાજરો | ૩૫૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૧૧૪૧ |
| મકાઇ | ૩૮૧ | ૪૪૧ |
| મગ | ૧૦૭૬ | ૧૮૮૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૭૧ |
| વાલ | ૫૨૬ | ૯૨૬ |
| વાલ પાપડી | ૧૧૦૧ | ૧૫૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૫૪૧ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૬૫૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૪૮૧ | ૮૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૧૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૮૦ | ૪૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૬૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પરવર | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૨૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ગીરનાર શિંગ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૪૭૦ |
| શિંગ દાણા | ૧૩૭૦ | ૨૨૫૦ |
| શિંગ દાણા ફાડા | ૧૫૪૦ | ૧૮૨૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૨૫ |
| તલ કાળા | ૨૧૪૦ | ૩૬૩૦ |
| તલ કાશમીરી | ૨૨૯૫ | ૨૩૭૫ |
| બાજરો | ૪૪૫ | ૪૮૫ |
| જુવાર | ૪૧૫ | ૧૦૮૫ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૯૫ |
| મગ | ૧૦૦૦ | ૧૬૮૫ |
| અડદ | ૧૪૭૫ | ૧૫૩૫ |
| ચણા | ૯૪૫ | ૧૧૬૦ |
| ચણા દેશી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| સફેદ ચણા | ૧૦૯૦ | ૧૧૭૫ |
| છોલે ચણા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ચોળી | ૧૪૧૫ | ૧૪૧૫ |
| તુવેર | ૮૪૦ | ૧૪૬૦ |
| કપાસ | ૧૦૭૦ | ૧૭૪૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૯૫ |
| જીરૂ | ૨૦૭૫ | ૩૫૦૦ |
| રાય | ૧૩૨૫ | ૧૫૫૫ |
| ધાણી | ૧૮૨૫ | ૨૪૭૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૪૮૫ |
| સોયાબીન | ૧૩૧૦ | ૧૩૫૦ |
| રજકાનું બી | ૬૬૦૦ | ૬૯૨૫ |
| કાંગ | ૫૮૦ | ૫૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૮૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૫૦ |
| શકકરીયા | ૬૫૦ | ૭૨૦ |
| ટમેટાં | ૮૦૦ | ૯૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૩૫૦ |
| કાચી કેરી | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| પાકી કેરી | ૬૫૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૨૧૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૧૦ |
| બીટ | ૪૫૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૯૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૦ | ૪૫૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૨૧૦૦ |
| પાલક | ૬૫૦ | ૭૧૦ |
| લીબુ | ૭૦૦ | ૮૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૦૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૭ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૨૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૭૫૩ |
| કપાસ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૧૬ |
| બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| જુવાર | ૯૦૦ | ૧૧૫૧ |
| મકાઈ | ૩૦૦ | ૪૫૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૩૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૮૦ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૮૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| રાય/રાયડો | --- | ૧૩૪૫ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૦૪ |
| કપાસ મીડી. | ૧૪૫૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૨૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૯૩૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૩૦૯૦ | ૩૮૦૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| મગ | ૧૩૩૦ | ૧૫૪૦ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૩૫૫ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૦૭૦ | ૧૧૫૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૮ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૪૫૭ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ચણા | ૯૫૦ | ૧૧૨૩ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૬૮૦ |
| ધાણા | ૨૨૩૫ | ૨૨૩૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૫૫૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૩૦૩ |
| તલ સફેદ | ૧૪૨૦ | ૨૨૦૦ |
| શીંગ દાણા | ૧૬૪૫ | ૧૮૦૦ |
| લશણ | ૭૯૦ | ૯૭૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૭૦ | ૧૨૭૧ |
| ઘઉં લોકવન | ૪૨૭ | ૪૫૫ |
| ચણા | ૧૦૩૧ | ૧૧૫૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૪૦૧ |
| ધાણા | ૨૩૮૦ | ૨૩૮૦ |
| મગ | ૧૨૬૫ | ૧૫૭૬ |
| તલ સફેદ | ૨૦૬૦ | ૨૩૭૫ |
| તલ કાળા | ૨૫૧૦ | ૩૦૪૦ |
| એરંડા | ૧૧૭૬ | ૧૨૨૫ |
| કલોંજી | ૨૮૫૧ | ૨૮૫૧ |
| દાણા | ૧૪૧૦ | ૨૩૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૭૦ |
| **રાજુલા** | | |
| શિંગ | ૧૦૦૦ | ૧૨૮૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૫૨ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૬૦૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૨૧ |
| બાજરો | ૩૪૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૪ |
| જુવાર | ૬૭૫ | ૧૧૫૫ |
| મકાઈ | ૩૦૨ | ૪૧૧ |
| મગ | ૧૫૦૦ | ૧૬૩૪ |
| અડદ | ૧૩૦૧ | ૧૬૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૧ |
| ચણા | ૯૨૫ | ૧૧૨૬ |
| ધાણા | ૧૯૦૦ | ૨૨૦૦ |
| મેથી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૩૩૦ |
| રાય | ૧૩૨૫ | ૧૫૫૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૨૫ | ૧૦૯૫ |
| બાજરો | ૩૬૦ | ૫૫૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૭૭ |
| મગ | ૧૪૨૫ | ૧૬૯૦ |
| અડદ | ૯૦૦ | ૧૫૯૦ |
| તુવેર | ૫૮૦ | ૧૨૦૫ |
| ચોળી | ૮૦૫ | ૧૫૧૦ |
| વાલ | ૧૨૮૫ | ૧૯૦૦ |
| ચણા | ૯૬૦ | ૧૧૯૯ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૧૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| તલ | ૧૫૦૦ | ૨૪૬૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| રાય | ૧૨૦૦ | ૧૫૭૦ |
| લસણ | ૮૨૫ | ૧૮૪૫ |
| કપાસ | ૭૦૦ | ૧૬૪૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૬૫ |
| અજમો | ૧૮૦૦ | ૩૪૫૦ |
| અમજમાની ભૂસી | ૭૫ | ૨૪૯૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી સુકી | ૨૨૫ | ૩૭૦ |
| વટાણા | ૪૩૦ | ૭૮૫ |
| કલોંજી | ૧૩૭૦ | ૩૩૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૫૬૨ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૪૨૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૪૮૫ |
| ઘઉં | ૪૧૧ | ૪૯૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| જુવાર | ૮૦૦ | ૧૧૦૫ |
| મગ | ૧૪૨૦ | ૧૮૯૦ |
| એરંડી | ૯૫૦ | ૧૨૩૫ |
| સોયાબીન | ૧૨૦૫ | ૧૩૮૮ |
| કપશી | ૧૩૦૦ | ૨૩૯૦ |
| રજકો | ૩૫૦૦ | ૬૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૧૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૬ |
| મકાઈ | ૩૬૬ | ૩૬૬ |
| મગ | ૧૦૦૧ | ૧૫૨૬ |
| ચણા | ૯૦૧ | ૧૧૪૬ |
| અડદ | ૧૩૪૬ | ૧૫૦૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૬૬ |
| મગફળી | ૮૦૧ | ૧૪૩૬ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૦૨૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૪૭૧ |
| મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૯૧ |
| લસણ | ૮૧૬ | ૮૧૬ |
| સોયાબીન | ૮૦૧ | ૧૩૨૧ |



લાગે તો તીર : -હા, હું કોકરોચ છું. હા, હું કોકરોચ છું.

06

# ઈથેનોલ પેટ્રોલનો વિકલ્પ બનશે ?



ભારતમાં ઈથેનોલ પેટ્રોલનો વિકલ્પ બની શકે ?

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુધ્ધના કારણે ક્રુડ ઓઈલના ભાવ વધ્યા અને પુરવઠો પણ ખોરવાયો તેના પગલે આખી દુનિયા પેટ્રોલીયમ પેદાશો પરની નિર્ભરતા ઘટાડવા માટે ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. ભારતે પણ આ દિશામા વિચારણા શરૂ કરી તેમાં સૌથી વધારે ભાર ઈથેનોલ આધારિત ટેકનોલોજી પર મૂકાઈ રહ્યો છે. ભારતમાં અત્યારે ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20) વેચાય છે પણ નરેન્દ્ર મોદી સરકારે ૮૫ ટકા ઈથેનોલ ધરાવતું ફ્યુઅલ (E85) વપરાય એ માટેના પ્રયત્નો શરૂ કર્યા છે. આ દિશામાં પહેલું પગલું ભરીને દિલ્લીમાં પહેલો ૮૫ ટકા ઈથેનોલ ધરાવતા પેટ્રોલ (E85)નો પંપ શરૂ પણ કરી દેવાયો છે. મોદી સરકાર ટૂંક સમયમાં E85 ફ્યુલ અંગેના નિયમો પણ જાહેર કરશે. ભારતમાં E85 પર વાહનો ચલાવવા માટેનું પ્રાથમિક ટેસ્ટિંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે તેથી બહુ જલદી ઈથેનોલ આધારિત ફ્યુઅલ ટેકનોલોજીનો પ્રભાવ વધશે એ નક્કી છે.

આ વિચાર સારો છે અને દેશના ફાયદામાં પણ છે.

ઈથેનોલ ઘણા બધા પાકમાંથી બને પણ વિશ્વમાં મકાઈ અને શેરડી બે પાકમાંથી ઈથેનોલ બનાવવાનું પ્રમાણ વધારે છે. ભારતમાં પણ શેરડી અને મકાઈ બંનેનું જંગી પ્રમાણમાં ઉત્પાદન થાય છે તેથી ઈથેનોલ આધારિત ફ્યુઅલનો વિચાર ભારતમાં અમલી બનાવી શકાય એવો છે. આપણી પાસે જમીનનો પણ તુટો નથી ને લાખો એકર જમીન એમ જ પડી રહે છે. આ જમીનમાં ઈથેનોલ માટે જ શેરડી અને મકાઈનું ઉત્પાદન જંગી પ્રમાણમાં કરી શકાય. ભારત પાસ એ રીતે તમામ પ્રકારના સ્રોત છે તેથી ભારત માટે ઈથેનોલ સારો વિકલ્પ છે જ.

ભારતમાં E85 પેટ્રોલ કરતાં લીટરે ૨૦ રૂપિયા સસ્તું હશે પણ E85નો ઉપયોગ માત્ર ફ્લેક્સ-ફ્યુઅલ (Flex-Fuel) એન્જિનવાળા વાહનોમાં જ થઈ શકે છે. સામાન્ય અથવા ઈ૨૦ એન્જિનવાળી ગાડીઓમાં E85નો ઉપયોગ કરવાથી એન્જિનને મોટું નુકસાન થઈ શકે છે. ભારતમાં અત્યારે ફ્લેક્સ-ફ્યુઅલ બાઈક્સ લોંચ થઈ છે પણ હજુ કાર લોંચ નથી થઈ. ભવિષ્યમાં એવી કાર પણ આવી શકે એ જોતાં E85ની પહેલ સફળ થઈ શકે છે.

■■■

ફ્લેક્સ-ફ્યુઅલ શુધ્ધ ઈથેનોલ કરતાં સારો વિકલ્પ છે.

ડ્યુઅલ ફ્યુઅલ એટલે કે બે બળતણ પર ચાલતી કાર ફ્લેક્સ-ફ્યુઅલ કાર કહેવાય છે. ફ્લેક્સિબલ એટલે જરૂર પ્રમાણે વળી શકે એવું અને ફ્લેક્સ ફ્યુઅલ શબ્દ તેના પરથી આવ્યો છે. ફલેક્સ-ફ્યુઅલ કાર અથવા ડ્યુઅલ ફ્યુઅલ કારને હાયબ્રિડ કાર પણ કહે છે. ભારતમાં સીએનજી પર ચાલતી કાર ફ્લેક્સ-ફ્યુઅલ કાર છે.

મોટા ભાગની કારમાં થોડા પ્રમાણમાં પેટ્રોલનો વપરાશ થાય જ છે. પણ એ વપરાશ શુધ્ધ પણે પેટ્રોલ પર ચાલતી કારથી લગભગ અડધો કે તેનાથી પણ ઘણો ઓછો હોવાથી આર્થિક અને પર્યાવરણ બંનેને મોટો ફાયદો થાય છે. ઉદાહરણ તરીકે ભારતમાં સીએનજી પર ચાલતી કારને સ્ટાર્ટ કરવા પેટ્રોલ જરૂરી હોય છે. સીએનજી કારની ફ્યુઅલ ટેંકમાં પેટ્રોલ ના હોય તો કાર સ્ટાર્ટ ના થાય પણ કાર સ્ટાર્ટ કરવા વપરાતું પેટ્રોલ સીઓનજીના વપરાશના ૫ ટકા જેટલું જ હોય છે.

ભારતમાં બીજી કોઈ ફ્લેક્સ-ફ્યુઅલ કાર નથી પણ દુનિયામાં અલગ અલગ પ્રકારની ઘણી ફ્લેક્સ-ફ્યુઅલ કાર મળે છે. અમેરિકા-યુરોપના વિકસિત દેશોમાં હાયબ્રિડ વ્હીકલ્સ, સોલર સેલ, હાઈડ્રોજન સેલ વગેરે સેકન્ડ ફ્યુઅલ પર ચાલતાં વાહનો ધૂમ વપરાય પણ છે.

અમેરિકા સહિતનાં દેશોમાં હાયબ્રિડ કહેવાતી કારોમાં પેટ્રોલ-ડીઝલથી ચાલતા વાહનમાં બેટરી સતત ચાર્જ થતી રહે છે. બેટરી ફુલ ચાર્જ થઈ જાય એટલે પેટ્રોલ-ડીઝલના બદલે આપોઆપ વાહન બેટરી પર ચાલવા માંડે. અમેરિકા અને યુરોપમાં આવાં વાહનો મોટા પ્રમાણમાં વપરાય છે. ફ્રાન્સ જેવા દેશો તો સોલર સેલ પર ચાલતાં વાહનો પર લોકો વધુ ને વધુ પ્રમાણમાં વળી રહ્યા છે.ભારત પણ એ રસ્તે વળે તો જંગી ફાયદો થાય.

■■■

ભારત બીજું બ્રાઝિલ બની શકે? ઈથેનોલ આધારિત ફ્યુઅલના વપરાશમાં બ્રાઝિલ વર્લ્ડમાં ટોપ પર છે. બ્રાઝિલમાં અત્યારે રસ્તા પર દોડતી કારમાંથી ૨૦ ટકા કાર એવી છે કે જેમાં બળતણ તરીકે માત્ર ને માત્ર ઈથેનોલનો ઉપયોગ થાય છે. વાસ્તવમાં બ્રાઝિલ ઈથેનોલ આધારિત એન્જિન ટેકનોલોજીમાં પ્રણેતા છે. વિશ્વમાં ૧૯૭૦માં ક્રુડ ઓઈલની કટોકટી વખતે બ્રાઝિલે ઈથેનોલનો વાહનોમાં બળતણ તરીકે ઉપયોગ શરૂ કર્યો.




બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા


આ પ્રયોગ સફળ થતાં બ્રાઝિલની કાર કંપનીઓએ ઈથેનોલ આધારિત ટેકનોલોજી પર જ ધ્યાન કેન્દ્રિત કરી દીધું. સરકારે પણ પ્રો-આલ્કુલ પ્રોગ્રામ શરૂ કરીને આ પ્રકારની ટેકનોલોજીને પ્રોત્સાહન માટેની યોજનાઓ જાહેર કરી તેથી બ્રાઝિલમાં ઈથેનોલ મુખ્ય ફ્યુઅલ છે. આખા દેશને પૂરું પાડી શકાય એટલું ઈથેનોલ ના બનાવી શકાય તેથી ફ્લેક્સ-ફ્યુઅલ વ્હીકલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરાયું. આ ટેકનોલોજી એકદમ સફળ થઈ તેથી અત્યારે બ્રાઝિલમાં વેચાતી ૯૦ ટકાથી વધુ નવી કાર ફ્લેક્સિબલ-ફ્યુઅલ વ્હીકલ્સ (FFVs) છે. આ કાર પેટ્રોલ એટલે કે ગેસોલિન અને શેરડીમાંથી મેળવેલા ઈથેનોલ (E100) ના મિશ્રણ પર ચાલે છે.

બ્રાઝિલમાં પેટ્રોલમાં પણ ૩૦ ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે તેથી ઈથેનોલ જ મુખ્ય બળતણ છે. પહેલાં માત્ર ઈથેનોલ પર ચાલતી ને ઈથેનોલ ના હોય તો માત્ર ગેસોલિન એટલે કે પેટ્રોલ પર ચાલે ને ડ્રાઈવર ઈચ્છે તો થોડો સમય ઈથેનોલ ને થોડો સમય પેટ્રોલ પર પણ ચાલે એણ બે પ્રકારની ફ્લેક્સ-ફ્યુઅલ કાર હતી. બ્રાઝિલે ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ફ્લેક્સ-ફ્યુઅલ ક્રાંતિ દ્વારા ઈલેક્ટ્રોનિક સેન્સરથી સજ્જ એન્જિન બનાવ્યાં. આ સેન્સર ક્યા પ્રકારનું બળતણ ટાંકીમાં છે તે શોધીને કમ્બશન કરાવે છે તેથી ઈથેનોલ વિનાનું પેટ્રોલ નાંખો કે ૧૦ ટકા ઈથેનોલ નાંખો તો પણ કાર ચાલે જ છે.

ભારતે પણ આ પ્રકારની ટેકનોલોજી વિકસાવવી પડે અથવા બ્રાઝિલની કંપનીઓની ભારતમાં એન્ટ્રી કરાવવી પડે. તેનું કારણ એ કે, ભારતમાં અને બ્રાઝિલમાં ઈથેનોલ બનાવવામાં શેરડીનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. અમેરિકામાં ઈથેમોલ બનાવવા માટે મકાઈનો વધારે ઉપયોગ થાય છે.

બ્રાઝિલમાં શેરડી અને મકાઈ બંને મોટા પ્રમાણમાં થાય છે પણ શેરડીમાંથી બનતું ઈથેનોલ વધારે સારું હોય છે તેથી બ્રાઝિલમાં મોટા ભાગનું ઈથેનોલ શેરડીમાંથી બને છે. ભારત પણ આ મોડલ અપનાવીને બ્રાઝિલની જેમ ઈથેનોલ આધારિત ફ્લેક્સ-ફ્યુઅલ ટેકનોલોજી અપનાવીને પેટ્રોલ પરની નિર્ભરતા ઘટાડી શકે, પર્યાવરણને શુધ્ધ રાખી શકે અને કરોડોનું વિદેશી હૂંડિયામણ પણ બચાવી શકે.

■■■

ભારત માટે શ્રેષ્ઠ વિકલ્પ બાયોફ્યુઅલ જ છે.

ઈથેનોલ એક પ્રકારનું બાયોફ્યુઅલ જ છે પણ સારા ઈથેનોલ માટે શેરડી અને મકાઈનું જંગી ઉત્પાદન કરવું પડે. તેનાથી ઓછી ગુણવત્તાનું બાયોફ્યુઅલ બીજા પાકમાંથી બની શકે તેથી ભારતે ઈથેનોલ ઉપરાંત બીજાં બાયોફ્યુઅલ તરફ પણ વળવું જોઈએ.

ભારત ખેતી પ્રધાન દેશ છે અને પુષ્કળ પ્રમાણમાં વનસ્પતિ થાય છે. તમામ પ્રકારની વનસ્પતિમાંથી બાયોફ્યુઅલ ના બને પણ ભારતમાં બાયોફ્યુઅલ બનાવી શકાય તેવી વનસ્પતિઓ પુષ્કળ પ્રમાણમાં થાય છે. આ વનસ્પતિઓને અલગ તારવીને ઉપયોગ કરાય તો આપણા માટે જંગી પ્રમાણમાં બાયોફ્યુઅલનું ઉત્પાદન સરળ છે. ભારતમાં ખાદ્યાન્ન અને રોકડિયા પાકો લેવાતા હોય તે સિવાયની ઘણી જમીન એવી છે કે જ્યાં બાયોફ્યુઅલ બનાવી શકાય એ પ્રકારની વનસ્પતિઓ ઉગાડી શકાય.

બાયોફ્યૂલ બનાવવા માટે સૌથી શ્રેષ્ઠ રતનજ્યોત (જત્રોફા) જેવાં ઝેરી ફળો આપતી વનસ્પતિ છે. રતનજ્યોત તો પડતર જમીનમાં પણ ઊગી નિકળે છે તેથી તેના માટે બહુ મહેનત કરવાની જરૂર નથી. રતનજ્યોતમાંથી સારી ગુણવત્તાનું બાયોડિઝલ બની શકે છે.

સોયાબીન જેવાં ખાદ્યાન્ન અને શેરડીના રસમાંથી પણ બાયોફ્યુઅલ બની શકે છે. શેવાળ, વાંસ, શેરડીનો કૂચ્ચો વગેરેમાંથી પણ બાયોફ્યુઅલ બની શકે. ભારતમાં અત્યારે સહકારી ક્ષેત્રની ઘણી સુગર ફેક્ટરીઓ બાયોફ્યુઅલ પ્લાન્ટ દ્વારા ઉર્જાની જરૂરીયાતો સંતોષે છે. ટૂંકમાં ભારત માટે બાયોફ્યુઅલ બનાવવું અઘરું નથી પણ સવાલ ટેકનોલોજીનો છે.

■■■

પેટ્રોલ-ડીઝલના બદલે માત્ર બાયોફ્યુઅલ પર ચાલતાં વાહનો બનાવવા માટેની ટેકનોલોજી ક્યાંથી લાવવી?


ભારત ટેકનોલોજીમાં સાવ પછાત છે. ટ્રક સહિતનાં મોટાં વાહનોમાં ભારતીય કંપનીઓનું વર્ચસ્વ છે પણ કાર તથા બીજાં વાહનોમાં વિદેશી કંપનીઓ છવાયેલી છે. ભારતમાં સૌથી વધારે વેચાતી મોટા ભાગની કાર વિદેશી છે. ભારતમાં માત્ર તેમના પ્લાન્ટ છે. ટાટાને બાદ કરતાં ભારત પાસે કોઈ મોટી કાર ઉત્પાદક કંપની નથી. સીએનજીથી ચાલતી કાર્સમાં પણ ઈટાલિયન બનાવટની સીએનજી કિટ વાપરીએ છીએ એ જોતાં ટેકનોલોજી ભારત માટે મોટી સમસ્યા છે. તેમાં પણ નવી ટેકનોલોજી તો ભારતમાં શોધાતી જ નથી.

ચાર વર્ષ પહેલાં નીતિન ગડકરીએ ફરજિયાતપણે ફ્લેક્સ-ફ્યુઅલ કારના ઉત્પાદનનો આદેશ આપવાની જાહેરાત કરેલી પણ એ આદેશ હજુ બહાર પડ્યો નથી. તેનું કારણ એ કે, કાર ઉત્પાદક કંપનીઓએ ફ્લેક્સ-ફ્યુઅલ કાર બનાવવા પોતાની પ્રોડક્શન લાઈન બદલવી પડે ને જંગી ખર્ચ કરવો પડે. કંપનીઓ એ માટે તૈયાર નહોતી ત્યારે શુધ્ધ બાયોફ્યુઅલ આધારિત ટેકનોલોજી તો ક્યાંથી લવાય ? હવે કંપનીઓ સમય જોઈને ફ્લેક્સ-ફ્યુઅલ વ્હીકલ્સ બહાર પાડવા માંડી છે એ સારું લક્ષણ છે. આ સંજોગોમાં ભારતમાં બાયોફ્યુઅલ માટેની સાવ નવી કોઈ ટેકનોલોજીના બદલે કંપનીઓ તૈયાર છે એ ઈથેનોલ આધારિત ફ્લેક્સ-ફ્યુઅલ્સ તરફ વળવું વધારે હિતાવહ છે. ■

sanjogpurti@gmail.com

# અતૃપ્ત મનુષ્ય

## આત્મા વિભાગ નં.૧૨



ફરીથી બુબુએ પોતાનો કેમેરા સેટ કર્યો. અને મને ઈસારો કર્યો કે ઈશ્વર ઉપર પ્રશ્નો ફટકારો. અને મેં ઈશ્વરના દિમાગ ઉપર પરીક્ષાનો આ પ્રશ્ન ફોડ્યો: "પરણવાની ઈચ્છા હોવા છતાં યોગ્ય પાત્ર શોધતા શોધતા તે નહીં મળવાને કારણે છેલ્લે અતૃપ્ત ઈચ્છાઓ સાથે મૃત્યુ પામનાર આત્માનું મૃત્યુ પછી શું થાય છે? આવા આત્માઓ મોટાભાગે એવો દંભ કરતા હોય છે કે મારી પરણવું જ નથી પરંતુ ખરેખર તો યોગ્ય પાત્ર મળે તો આપણને સરપ્રાઈઝ આપવા માંગતા હોય છે. આવો બ્યુટીફુલ દંભ કરનાર આત્માઓની ગતિ વિશે જણાવો."

હું અને બુબુ ઈશ્વર સામે બરાબર તાકી તાકીને જોવા લાગ્યા. પરંતુ ઈશ્વરે કહ્યું: "એ છોકરા તારો કેમેરા હવે મારા ઉપર નહીં પરંતુ આ તરફ કર..."એમ કહીને ઈશ્વર એ પોતાનો જમણો હાથ દૂર સુધી લંબાવ્યો અને અમારા સમક્ષ એક અનોખી દુનિયા પ્રગટ થઈ....

ઈશ્વરે કહ્યું કે આ છે અતપ્ત મનુષ્ય આત્મા વિભાગ નંબર બાર.

અમને એક બહુ જ મોટો બગીચો અને તેના ઉપર ઠેર ઠેર બાંકડાઓ જોવા મળ્યા અને બાંકડાઓ ઉપર સ્ત્રી પુરુષો એકબીજા સાથે વાતો કરતા જોવા મળ્યા. મેં કહ્યું- "આ શું છે તે કૃપા કરીને અમને સમજાવો."

ઈશ્વરે કહ્યું- "હમણાં જ તમને સમજાવું તમારો કેમેરા ઝૂમ કરો."

બૂબુએ કેમેરા ઝૂમ કર્યો. એક સ્ત્રી પુરુષનો જોડકું અમને ક્લોઝ અપમાં દેખાવા લાગ્યું. દૂરથી અમને એમ લાગતું હતું કે તેઓ પ્રેમ આલાપ કરી રહ્યા છે પરંતુ લોંગ શોર્ટ જ્યારે ક્લોઝ અપમાં કન્વર્ટ થયો ત્યારે અમને માલુમ પડ્યું કે આ યુગલો પ્રેમાલાપ નહીં પરંતુ ડખો કરી રહ્યા છે.

અમારી સામે ક્લોઝપમાં જે યુગલ ઈશ્વરે રજૂ કર્યું તે એકબીજાને બખોણીયા ભરવા તૈયારી કરી રહ્યું હતું. સ્ત્રી તેની સામેના એટલે કે સાથેના પુરુષને કહી રહી હતી- "તું મને ચાહતો હતો તો પછી તે મને કહ્યું કેમ નહીં? હું પણ તને ચાહતી હતી. ફક્ત તારે એક પ્રપોઝ ફટકારવાની જરૂર હતી!"

ત્યારે પુરુષ ત્યારે ખીજાઈ ને કહી રહ્યો હતો- "જો તું પણ મને ચાહતી હતી તો પછી તારે હસી નાખવામાં શું જતું હતું? મને કંઈ ખબર ન હતી કે તું મને ચાહતી હોઈશ કે નહીં. હું તારી પ્રપોઝલની રાહ જોઈ રહ્યો હતો, ડોબી! આખરે તે પણ કંઈ કર્યું નહીં અને આપણે પરિણામ વગર જ મૃત્યુને ભેટવું પડ્યું!"

ઈશ્વરે કહ્યું- "આપણને અતૃપ્ત આત્માઓ છે કે જે એકબીજાને ચાહતા હતા પરંતુ એમને ખબર જ ન હતી કે સામેવાળું પાત્ર પોતાને ચાહી રહ્યું છે. હવે મૃત્યુ પછી તેમને સભાનતા આપવામાં આવી છે કે તેઓ મનુષ્ય લોકો હતા ત્યારે શું વિચારતા હતા. એકબીજાનો માંડોસ્કોપ એકબીજાને આપી દેવામાં આવ્યો છે. એટલે એ લોકો પૃથ્વી પ્રેમ કરી શક્યા નથી પરંતુ હવે તેમને ખબર પડી કે એકબીજાને ચાહતા હોવા છતાં એકબીજાને પ્રપોઝલ નથી કરી શક્યા આ વાતનો એવો અહીં આખો લોકમાં આવીને એકબીજા ઉપર આરોપ મૂકી રહ્યા છે અને ઝઘડી રહ્યા છે. આટલી ખબર પડ્યા પછી પણ તે લોકો અહીં પ્રેમ કરી શકતા નથી."

અમે ઈશ્વરની આ લીલા જોતા જ રહ્યા જોતા જ રહ્યા એમણે અમને અનેક પ્રકારના કપલો દેખાડ્યા અને તે અલગ અલગ પ્રકારના આવાજ કંઈ પશ્ચાતાપભર્યા સંવાદો કરી રહ્યા હતા અને એકબીજા સાથે ઝઘડી રહ્યા હતા.

વિવિધ યુગલોના આવા વિવિધ સંવાદો અમે બસ સાંભળતા જ રહ્યા અને યથાશક્તિ આશ્ચર્યચકિત થતા રહ્યા. અમને આશ્ચર્ય પામવાની ખૂબ મજા પડી. ઈશ્વર પણ અમારા ચહેરા ઉપરનું આશ્ચર્ય જોઈને ખૂબ જ આશ્ચર્યચકિત થયો. અમે થવા દીધો. અમે બીજું કરી પણ શું શકવાના હતા?


ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા


પણ મેં ઈશ્વરના કાનમાં હળવેક દઈને એક પ્રશ્ન ભભરાવ્યો: "આવા આત્માઓનું પછી આગળ ઉપર શું થાય છે?"

ઈશ્વરે કહ્યું-"એ લોકો અહીં વર્ષો સુધી એકબીજા સાથે ઝઘડતા ઝઘડતા સાથે રહે છે. છેલ્લે તેઓ એકબીજાના પતિ-પત્ની બને એ રીતે પૃથ્વીલોક ઉપર એકબીજાની સ્ટોરી સેટ કરીને જન્મ આપી દેવામાં આવે છે." ■

naranbaraiya277@gmail.com

# હિન્દુસ્તાનની સંસ્કૃતિના આદર્શો અનન્ય...



ભારત પ્રાચીન સંસ્કૃતિ અને સભ્યતા ધરાવતો દેશ છે. આર્યાવર્ત તરીકે ઓળખાતો દેશ તેની સભ્યતા અને સંસ્કારિકતાના કારણે વિશ્વમાં અજોડ સ્થાન ધરાવે છે. ૧૪ મી સદીમાં અમેરિકા જંગલીયત અવસ્થામાં જીવતું હતું ત્યારે ભારતનો ચંદરવો ચોફેર ખીલેલો હતો આવું વાક્ય મેક્સમુલરે કહ્યું હતું. ભારત તેની આધ્યાત્મિકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના કારણે મોટાભાગની શોધમાં ભારતનું પ્રદાન છે. સંસ્કૃતિ એટલે જીવન જીવવાની કલા શીખવે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે જે ધર્મ વિધવા અને ગરીબોના આંસુ લૂછતો નથી તેને હું ધર્મ માનતો નથી.જન સેવા એ જ પ્રભુ સેવાના આદર્શોએ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે.

ભારત પ્રાચીન કાળથી જ આધ્યાત્મિકતા, સંસ્કાર, નૈતિકતા અને માનવતાના મૂલ્યો માટે વિશ્વમાં પ્રસિધ્ધ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિને 'દિવ્ય' અને 'ભવ્ય' કહેવાનું કારણ એ છે કે તેમાં માત્ર જીવન જીવવાની રીત જ નહીં, પરંતુ જીવનને અર્થપૂર્ણ અને સુખમય બનાવવાની પ્રણાલિકા પણ સમાયેલ છે. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણએ કહ્યું છે ક'વસુધૈવ કુટુમ્બકમ', 'સર્વે ભવન્તુ સુખિનઃ' અને 'અહિંસા પરમો ધર્મઃ' જેવાં સૂત્રો ભારતીય સંસ્કૃતિનાં મૂળ તત્ત્વોને વ્યક્ત કરે છે.આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં એક પ્રશ્ન વારંવાર ઊભો થાય છે કે શું આ દિવ્ય અને ભવ્ય સંસ્કૃતિના આદર્શો ફરી સમાજમાં સ્થાપિત કરી શકાય?

ભારતીય સંસ્કૃતિનો આધાર સદીઓથી ધર્મ, કર્તવ્ય, નૈતિકતા અને સહ અસ્તિત્વના સિધ્ધાંતો પરરહેવા પામ્યો છે. પ્રાચીન સમયમાં સમાજની વ્યવસ્થા એવી હતી કે દરેક વ્યક્તિ પોતાના કર્તવ્યને શ્રેષ્ઠ રીતે નભાવતી. ગુરુકુલ પ્રણાલીમાં શિક્ષણ માત્ર પુસ્તકના જ્ઞાન પૂરતું સીમિત નહોતું, પરંતુ સંસ્કાર, શિસ્ત, નૈતિકતા અને જીવન મૂલ્યોના પણ સંસ્કાર આપવામાં આવતા, પરિણામે વ્યક્તિ માત્ર વિદ્વાન જ નહીં, પરંતુ ઉત્તમ ચરિત્ર વાળો નાગરિક બનતો.સમયના વહેણ સાથે સમાજમાં અનેક પરિવર્તનો આવ્યાં. ઔદ્યોગિકરણ, પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ, ટેક્નોલોજીનો વધતો ઉપયોગ અને ભૌતિક સુખ - સાધનોની દોડને કારણે લોકો ધીમે ધીમે મૂળ મૂલ્યોને ભૂલતા ગયા. આજના યુગમાં પૈસા અને પ્રતિષ્ઠાને વધારે મહત્ત્વ આપવામાં આવે છે, જ્યારે સદાચાર, સત્ય અને કરુણાનાં મૂલ્યો પાછળ ધકેલાઈ ગયાં છે. પરિવારમાં પણ સંસ્કારનું શિક્ષણ ઓછું થતું જોવા મળે છે.તેમ છતાં, એવું માનવું યોગ્ય નથી કે ભારતીય સંસ્કૃતિના આદર્શો ફરી સ્થાપિત થઈ ન શકે!ખરેખર જો સમાજમાં યોગ્ય પ્રયાસ કરવામાં આવે તો આ દિવ્ય પરંપરા ફરી જીવંત બની શકે છે. તેની શરૂઆત વ્યક્તિગત સ્તરેથી થવી જોઈએ. દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં સત્ય, અહિંસા, સહનશીલતા અને કરુણા જેવા ગુણોને સ્થાન આપવું જોઈએ.




સામાજિક અને શૈક્ષણિક

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)


ભારતીય પરિવાર પણ સંસ્કૃતિના સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. માતા-પિતા જો બાળકોને બાળપણથી જ સારા સંસ્કાર આપે, વડીલોનો આદર કરવાનું શીખવે અને ભારતીય પરંપરાઓ વિશે સમજાવે, તો નવી પેઢી પણ આ મૂલ્યોને સ્વીકારશે. સંસ્કૃતિ માત્ર પુસ્તકોમાં નહીં પરંતુ જીવવાની બાબત છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ સંસ્કૃતિનાં મૂલ્યોને પ્રાથમિકતા આપવાની જરૂર છે. શાળાઓ અને મહા વિદ્યાલયોમાં માત્ર રોજગારલક્ષી શિક્ષણ પૂરતું નથી, પરંતુ નૈતિક શિક્ષણ, આધ્યાત્મિક વિચારધારા અને ભારતીય પરંપરાઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવવું જોઈએ. આ રીતે શિક્ષિત યુવાનો માત્ર બુધ્ધિશાળી જ નહીં પરંતુ સંસ્કારી નાગરિક બની શકે. આજે તો સારા ટકા આવે તે જ વિદ્યાર્થીઓ હોશિયાર માનવામાં આવે છે પરંતુ તેની અંદર જે જરૂરી મૂલ્યો છે તે ક્યાંથી આવશે?

આજના સમયમાં મીડિયા અને ટેક્નોલોજી પણ મહત્વપૂર્ણ સાધન બની શકે છે. જો ફિલ્મો, ટીવી કાર્યક્રમો અને સામાજિક માધ્યમો દ્વારા ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યોનો પ્રચાર કરવામાં આવે, તો તેનો સમાજ ઉપર સકારાત્મક પ્રભાવ પડી શકે છે. આધુનિક સાધનોનો ઉપયોગ કરીને પ્રાચીન મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાની જરૂર છે.ભારતીય સંસ્કૃતિનું એક મહત્વપૂર્ણ તત્ત્વ સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવ છે. વિવિધ ધર્મો, ભાષાઓ અને પરંપરાઓ હોવા છતાં ભારતીય સમાજ સદીઓથી એકતામાં બંધાયેલો રહ્યો છે. આ એકતા અને સહ અસ્તિત્વની ભાવના જ ભારતને વિશ્વમાં અલગ પાડે છે. જો આપણે આ ભાવનાને ફરી મજબૂત બનાવી શકીએ, તો સમાજમાં શાંતિ અને સુખનું વાતાવરણ સર્જાઈ શકે.

રાષ્ટ્ર પ્રથમનો વિચારએ આપણી નૈતિક ફરજ છે. રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં વ્યક્તિ, પરિવાર, શિક્ષણ અને સમાજ - આ ચાર સ્તરે જો સંકલિત પ્રયાસ કરવામાં આવે, તો ભારતીય સંસ્કૃતિની મહાન પરંપરા ફરી જીવંત બની શકે છે. અર્થાત્ ભારતીય સંસ્કૃતિના આદર્શો અને પ્રણાલિકા સમાજમાં ફરી ઊભા કરી શકાય. આ માટે જરૂર છે, સંકલ્પ, સંસ્કાર અને સંયુક્ત પ્રયાસની...!જો આપણે આપણા મૂળ મૂલ્યોને ઓળખી અને જીવનમાં ઉતારી શકીએ, તો ભારત ફરીથી વિશ્વમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક નેતૃત્વ કરી શકે છે. ભારત વિશ્વ ગુરુ છે અને રહેવાનું છે તેમાં કોઈ બે મત નથી. જે રાષ્ટ્ર પાસે ૧૪૦ કરોડથી વધારે વસ્તી હોય તેની આંતરિક શક્તિ પરમાણુ કરતા પણ વિશેષ જ હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી.. ■ Mo.9825702282

# પૌષ્ટિક ફળો અને તેની અંદર રહેલા વિટામિન વિષે જાણો



પૌષ્ટિક ફળો શા માટે ઉપયોગી છે?

પૌષ્ટિક ફળો આપણા શરીરને જરૂરી પોષક તત્ત્વો પૂરા પાડે છે અને શરીરને સ્વસ્થ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. ફળોમાં વિટામિન, ખનિજ તત્ત્વો, ફાઈબર, પાણી અને એન્ટીઑક્સિડન્ટ્સ ભરપૂર પ્રમાણમાં હોય છે.

પૌષ્ટિક ફળોના મુખ્ય ફાયદા

૧. રોગપ્રતિકારક શક્તિ વધારે છે

● ફળોમાં રહેલું વિટામિન C શરીરને ચેપ અને રોગોથી બચાવવામાં મદદ કરે છે.

૨. શરીરના વિકાસમાં મદદરૂપ

● બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે જરૂરી પોષક તત્ત્વો પૂરા પાડે છે.

૩. પાચનતંત્રને સ્વસ્થ રાખે છે

● ફળોમાં રહેલો ફાઈબર કબજિયાત દૂર કરે છે અને પાચન સુધારે છે.

૪. આંખોના સ્વાસ્થ્ય માટે લાભદાયક

● વિટામિન A ધરાવતા ફળો દ્રષ્ટિ સારી રાખવામાં મદદ કરે છે.

૫. હૃદયને સ્વસ્થ રાખે છે

● ફળોમાં રહેલા એન્ટીઑક્સિડન્ટ્સ અને પોટેશિયમ હૃદયરોગનું જોખમ ઘટાડે છે.

૬. ત્વચા અને વાળ માટે ફાયદાકારક

● વિટામિન C અને E ત્વચાને ચમકદાર અને વાળને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

૭. શરીરમાં પાણીનું સંતુલન જાળવે છે

● તરબૂચ, સંતરા જેવા ફળોમાં પાણીનું પ્રમાણ વધુ હોવાથી શરીર હાઈડ્રેટ રહે છે.

૮. હાડકાં અને દાંત મજબૂત બનાવે છે

● કેટલાક ફળોમાં રહેલા ખનિજ તત્ત્વો હાડકાં અને દાંતના વિકાસમાં મદદરૂપ થાય છે.

૯. વજન નિયંત્રિત રાખવામાં મદદ કરે છે

● ફળોમાં કેલરી ઓછી અને ફાઈબર વધુ હોવાથી લાંબા સમય સુધી પેટ ભરેલું રહે છે.

૧૦.દીર્ઘકાલીન રોગોનું જોખમ ઘટાડે છે

● નિયમિત ફળોનું સેવન ડાયાબિટીસ, હૃદયરોગ અને કેટલીક પ્રકારની કેન્સરની શક્યતા ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

નિષ્કર્ષ: પૌષ્ટિક ફળો શરીરને ઊર્જા, પોષણ અને રોગોથી રક્ષણ આપે છે. તેથી દરેક વ્યક્તિએ પોતાના દૈનિક આહારમાં વિવિધ પ્રકારના તાજા અને મોસમી ફળોનો સમાવેશ કરવો જોઈએ. બાળકો, ગર્ભવતી મહિલાઓ અને વૃધ્ધો માટે ફળો ખાસ કરીને ખૂબ લાભદાયક છે.

hemangidmehta@gmail.com

# હા, હું કોકરોચ છું. હા, હું કોકરોચ છું.



"હા, હું કોકરોચ છું. હા, હું કોકરોચ છું."

બેરાલાલે આવતાં વેંત જ પોતાની પીપુડી વગાડી.

બનેવીલાલને નવાઈ લાગી. સિંહ નહીં, વાઘ નહીં અને કોકરોચ !? આ વળી નવું શું આવ્યું છે?

"કેમ કેમ બેરાલાલ? પુરુષોમાં તો ઘોડો અને સફરજન બેમાંથી એકની જ પસંદગી કરવાની હોય છે. આ તમે કોકરોચ નવું લાયા. અને કોકરોચ એટલે ઓલ્યા વંદાને!??'

"હા..આ.! કોકરોચ એટલે વંદા."

"તો પછી.., તમે તો માણસ છો. વંદા કેવી રીતે?"

"બનેવીલાલ ? છાપું બાપુ વાંચો છો? કે કાળા અક્ષર કૂહાડે માર્યા?"

"હોય..વળી..!! છાપાં હારે તો રોજ મનમેળ થાય છે. બાપુ હારે હજી સુધી પનારો પડ્યો નથી."

"તો પછી, કોકરોચ શબ્દ તમને નવો લાગે છે? 'કોકરોચ જનતા પાર્ટી' એ આખું ને આખું સોશ્યલ મીડિયા હલાવી નાંખ્યું છે. જ્યાં જૂઓ ત્યાં બસ કોકરોચ કોકરોચ છવાઈ ગયો છે."

"એટલે તમેય કોકરોચ બની ગયાં?"

"હા..આ..! ભારતીય જનતા પાર્ટી કરતાં'ય એના ફોલોઅર્સ વધી ગયાં છે. અને હજીય વધી રહ્યાં છે. તો પછી મારેય કોકરોચ તો બનવું પડે ને!!"

"બેરાલાલ, તમારે બાયડી કેટલી?"

"હાત ખોટની એક જ !!ઈ'ય ખરું નંગ."

"બેરાલાલ તમને ખબર છે? દુનિયાની નેવું ટકા મહિલાઓ કોકરોચ મતલબ વંદાથી ડરે છે. વંદો રસોડામાં નીકળે એટલે બધું જ ફેંકીને એ બહાર દોડી જાય છે. અને કેટલાં'ય એવાં દાખલાઓ પણ છે, કે વંદા માટે છૂટાછેડા પણ થયાં છે. હવે તમે જ કોકરોચ બનશો, અને ન કરે નારાયણ અને બૈરું ભાગી ગયું તો!??"

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"ના..ના..ના. મારું બૈરું તો માત્ર ગરોળીથી જ બીવે છે. વંદા બંદા તો એની ઉપર આંટાફેરા મારે છે."

"હા પણ, છતાંય તમારે કોકરોચ શા માટે બનવું છે? બનવું જ હોય તો લગનનો ઘોડો બનો. ગધેડો બનો એવું તો મારાંથી નો કેવાય!!"

"એટલે તમને હું ગધેડો લાગું છું? ના..ના. હું ગધેડો છું?"

"તમે ગધેડો નથી. આ તો અમસ્તું રાજકારણની વાત થઈ."

"તે હું ય રાજકારણની જ વાત કરું છું. કે હું ય કોકરોચ !! તમે જોજો આ ભાજપ હવે કોઈનું હાંભળતો નથી ને. એટલે આ કોકરોચ જનતા પાર્ટી આવીને એમને ઠેકાણે પાડી દેહે. એટલે તો મારે'ય કોકરોચ જનતા પાર્ટીમાં જોડાઈ જાવું છે. અને અમે હંધાય વંદા ભેગાં મળીને હારા હારાને હરાવી દેહું. પછી એ રાજ કુમાર હોય કે રોજમદાર."

"તો પછી તમે એક કામ કરો, તમે વંદાની ખેતી કરવા માંડો. ન વરસાદ જોઈએ, ન બીયારણ."

" વંદાની ખેતી!??"

"હા..હા.., વંદાની ખેતી."

"ઈ વળી ક્યાં થાય છે? અને કેવી રીતે થાય છે ?"

"બીજું કોણ હોય? દુનિયામાં કાંઈક નવું જાણવાં જોવાં મળે એટલે હમજવાનું ઈ ચીન જ હોય.

એની પાંહે નવું નવું આવ્યાં જ કરે છે."

"અરે પણ, એની ખેતી કેમ કરવી? અને શા માટે કરવી?"

"તમે ઉપરનો ફોટો જોયો? આપણે જેમ મધની ખેતી કરીએ, એમ એ વંદાની ખેતી કરે છે."

"પણ..!! મધનો તો ભાવ કેવડો મોટો છે. ત્યારે વંદા તો ટકાના તેર મળે. અને એનું રહેઠાણ જ ગટર છે."

"તોય તમારે કોકરોચ બનવું જ છે ને ?"

"ઈ વાત આખી અલગ છે. તમે વંદાની ખેતીની વાત કરોને. એને વંદાની ખેતી કેમ કરવી પડી??"

"ચીનાઓ ખાધોડકા બઉં છે. (આપણે ત્યાં રૂપિયા ખાય એને ત્યાં દેડકા અને ઉંદરો) હથેક નું લે, પછી પેટ ફાટી જાય એટલું ખાય. છતાં'ય થાળીમાં વધે. હવે આ વધેલો ખોરાક કોણ ખાય !? હંધાય રોગનું ઘર તો ચીન છે. હવે આવો હજારો ટન ખોરાક વધવા લાગ્યો. એનું હું કરવું?"

"ચીનાઓની સાબુ (સામાન્ય બુધ્ધિ)નો હાલી? આપણે ત્યાં તો આવો હંધોય ખોરાક રખડતી ગાયો અને ભુંડ સફાસટ કરી નાંખે છે."

"ચીનાઓ એમ જ કરતાં તા પણ જયારથી 'વાયરસ કોરોના' આવ્યો છે ને, (કોરોના વાયરસ ચીનનાં ભૂંડમાથી ફેલાયો હતો) ત્યારથી ચીનાઓએ ભુંડને કોરોનટાઈન કરી દીધાં છે. અને વધેલો હંધોય ખોરાક આ વંદાઓને આપવામાં આવે છે."

"વંદાઓને? આ નાનકડું જીવડું કેટલું'ક ખાય?"

"બેરાલાલ! તમારો જેટલો ખોરાક હશે ઘડીભરમાં એ ચફાસટ કરી નાંખે છે."

"હા પણ, આમાં ખેતી ક્યાં આવી?"

"ચીનમાં આવાં હજારો "કોકરોચ ફાર્મિંગ" 'ફૂડ વેસ્ટ મેનેજમેન્ટ મોડલ' બની ગયાં છે. અને ખેડૂતો લાખો રૂપિયા રળી રહ્યા છે."

"કેવી રીતે? વંદામા વળી શું રળવાનું??"

"વંદાનુ સામાન્ય રીતે આયુષ્ય છ મહિનાનું હોય છે.

ચાર પાંચ મહિના ભરપેટ વધેલું ખવરાવે. પછી વંદાનુ દૂધ 'સુપર ફૂડ' લાખો રૂપિયામાં વેચે. દવા કંપનીઓ વંદામાથી પેટનાં અલ્સરની દવા બનાવે, શ્વાસની દવા બનાવે, કોસ્મેટિક બનાવે. હજીય વંદા વધે તો એની હુકવણી કરીને ગાય ભેંસનાં ખોરાકમાં 'સુપર ફૂડ' તરીકે ભેળવે. અને રૂપિયા રળે "

"ઈ હંધૂય તો ઠીક છે, પણ તમે મને એક હારો રસ્તો બતાવી દીધો."

"રસ્તો? આમાં વળી રસ્તો ક્યાં આવ્યો?"

"કોકરોચ જનતા પાર્ટીના સભ્યો જલ્દી વધારવા હોય તો વહેલી તકે ચીનમાં પોગી જાવું પડે. દુનિયાની નંબર વન પાર્ટી બની જાય. અને નફો થાય ઈ લટકાંમાં..!!" ■

kalubhaibhad123@gmail.com

# યોગ મટાડે રોગ (૨૧ જૂન વિશ્વ યોગ દિવસ)



યોગ શું છે ? : યોગ કેવળ આસન કે પ્રાણાયમ જ નથી. યોગ સંપૂર્ણ જીવન જીવવાની કળા છે. યોગનો અર્થ છે આત્માને પરમાત્મા સાથે જોડવું. શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે, યોગ કર્મસુ કૌશલમ્..અર્થાત્ કર્મની કુશળતા જ યોગ છે. યોગ એક ચિકિત્સા પધ્ધતિ છે. એટલે જ કહ્યું છે કે, યોગ મટાડે રોગ, કરો યોગ રહો નિરોગ. તો પતંજલિએ યોગની બધી વિદ્યાઓને આઠ વિભાગમાં વહેંચી છે.

યોગના બે અર્થ થાય છે અને બંને મહત્વપૂર્ણ છે. પહેલો જોડ અને બીજો સમાધિ. જ્યા સુધી આપણે પોતાની સાથે નથી જોડાતા, ત્યાં સુધી સમાધિ સુધી પહોંચવું મુશ્કેલ છે. યોગ દર્શન કે ધર્મ નથી, ગણિતથી થોડું વધુ છે.'યોગ ધર્મ' આસ્થા અને અંધવિશ્વાસથી ઉપર છે. યોગ એક સરળ વિજ્ઞાન છે. પ્રાયોગિક વિજ્ઞાન છે. યોગ છે જીવન જીવવાની કળા. યોગ એક પૂર્ણ ચિકિત્સા પધ્ધતિ છે.

'યોગ' શબ્દ સંસ્કૃત ધાતુ યુજ પરથી નિષ્પન્ન થયો છે, જેનો અર્થ થાય છે 'જોડવું' મન અને શરીરને સંવાદી બનાવીને જીવવાની પ્રવિધિને પ્રારંભિક યોગ ગણાવ્યો છે. ભગવદગીતામાં કર્મકુશળતાને યોગ ગણ્યો છે. કેટલાક વિદ્વાનોએ મૂળ સંસ્કૃત શબ્દનો અર્થ કર્યો છે, ધ્યાનને કેન્દ્રિત કરવાની ક્રિયા.

આ યોગનુ સૌથી વધુ પ્રચલન અને મહત્વ છે. આ યોગને આપણે આષ્ટાંગ યોગના નામે ઓળખીએ છીએ. આષ્ટાંગ યોગ એટલે યોગના આઠ અંગ. પતંજલિએ યોગની બધી વિદ્યાને આઠ યોગમાં વહેંચી દીધી છે. શરૂઆતના પાંચ અંગમાંથી યોગ વિદ્યામાં પ્રવેશની તૈયારી થાય છે, અર્થાત સમુદ્રમાં છલાંગ મારી સાગર પાર કરવાની પૂર્વ તૈયારીનો અભ્યાસ આ પાંચ અંગમાં સમેટાયો છે.

આ આઠ અંગ છે (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયમ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ.આ અંગોના પોતાના ઉપ અંગ પણ છે. તાજેતરમાં યોગના ત્રણ જ અંગ ચલનમાં છે - આસન, પ્રાણાયામ, અને ધ્યાન.

- યોગના ફાયદા :

સવારે ઉઠ્યા પછી તમારી પાસે એટલો પણ સમય નથી હોતો કે વ્યાયામ કરી લો. પણ આખા દિવસને ઉર્જાવાન બનાવી રાખવા જરૂરી છે કે તમે યોગના આસન કરો. જેમાં ૧૦ મિનિટનો સમય લાગશે.

યોગ કરવાના અનેક ફાયદા છે. નિયમિત યોગ કરવાથી તમારુ દિલ મજબૂત થાય છે. તણાવથી બચો છો. યાદગીરી મજબૂત થાય છે. બીપીની સમસ્યા રહેતી નથી. વજન વધતુ નથી. આ ઉપરાંત સૌથી જરૂરી વાત તમારા મગજમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. તો રોજ સવારે ઉઠીને આ યોગાસનોને અજમાવો અને તમારા શરીરને ફિટ અને તંદુરસ્ત રાખો.

- બાલાસન : આ આસન કરવાથી શરીરની માંસપેશીઓ મજબૂત થાય છે અને પેટની ચરબી ઘટે છે. આ આસન કરવા માટે ઘૂંટણના બળે જમીન પર બેસી શરીરનો બધો ભાગ એડી પર નાખો. ઊંડા શ્વાસ લઈ આગળ તરફ નમો. તમારી છાતી જાંઘને અડવી જોઈએ અને તમારા માથા દ્વારા જમીનને ટચ કરવાનો પ્રયાસ કરો. થોડી સેકંડ સુધી આ અવસ્થામાં રહો અને પરત સામાન્ય અવસ્થામાં આવી જાવ.

- ભુજંગાસન : આ આસન શરીરની વધુ પડતી ચરબી ઓછી કરે છે અને શરીરને લચીલું બનાવે છે.ભુજંગને અંગ્રેજીમાં કોબરા કહે છે જે ફેણ ફેલાવતા સાપના આકારનું છે.તેથી ભુંજગાસન કહેવાય છે.આ માટે પેટના બળ પર જમીન પર સૂઈ જાવ. હવે બંને હાથથી શરીરને કમરથી ઉપરની તરફ ઉઠાવો. પણ કોણી વળેલી હોવી જોઈએ. હાથ ખુલા અને જમીન પર ફેલાયેલા હોય. હવે શરીરના બાકી ભાગને હલાવ્યા વગર ચહેરાને એકદમ ઉપર તરફ કરો. થોડા સમય માટે આ સ્થિતિમાં રહો.

- ઉત્તરાસન : આ આસનનો અભ્યાસ ઉભા રહીને કરાય છે. આ આસનથી માથું કમર અને પગ કરોડરજ્જુના હાડકાની કસરત થાય છે. ઉભા રહીને યોગનો અભ્યાસ કર્યા પછી આ મુદ્રાનો અભ્યાસ કરવો વિશેષ ફાયદાકારક છે. તેને કરવા માટે સીધા ઉભા થઈ જાવ. શ્વાસ લેતા હાથને માથાની ઉપર લઈ જાવ. શરીરને ઉપર ખેંચો. હિપ્સથી શરીરને આગળ તરફ નમાવો. હવે માથું અને ગરદનને આરામની મુદ્રામાં જમીનની તરફ મુકો અને હિપ્સને ઉપર ઉઠાવો. આ સ્થિતિ એક મિનિટ સુધી રાખો.

યોગ સંયોગ
- નિરાલી સી. પંચાલ (યોગ ટ્રેનર)

- ત્રિકોણાસન : શરીરની વધુ પડતી ચરબી ઘટાડવા માટે ત્રિકોણાસન કરો. જે કરવા સીધા ઉભા થઈ જાવ. બંને પગમાં એક મીટરનુ અંતર રાખો. બંને બાજુઓને ખભાથી સીધા રાખો. કમરથી આગળ નમો. શ્વાસ બહાર કાઢો. હવે જમણા હાથથી ડાબા પગને સ્પર્શ કરો. ડાબા હાથને આકાશ તરફ રાખો. ખભા સીધા રાખો. ડાબા હાથની તરફ જુઓ. આ અવસ્થામાં બે-ત્રણ મિનિટ રહો. હવે શરીરને સીધુ કરો અને શ્વાસ લેતા ઉભા થઈ જાવ.

- પશ્ચિમોત્તાસન : પેટની ચરબી ઘટાડવામાં ખૂબ મદદરૂપ છે આ આસન. કબજિયાત, અપચો, ગેસ,ઓડકાર અને ડાયાબીટિઝમાં લાભકારી છે. તેને કરવા માટે પગને સામે ફેલાવીને બેસી જાવ હવે હથેળીઓને ઘૂંટણ પર મુકી શ્વાસ ભરતા હાથને ઉપરની તરફ લઈ જાવ અને કમરને સીધી કરી ઉપર ખેંચો. શ્વાસ છોડતા આગળની તરફ નમો અને હાથ વડે પગનો અંગુઠો પકડી માથાને ઘૂંટણ તરફ લગાવો. અહી ઘૂંટણ વળવા ન જોઈએ. કોણીને જમીન પર ટચ કરવાનો પ્રયાસ કરો. આંખો બંધ કરી શ્વાસને સામાન્ય રાખતા થોડીવાર માટે રોકો. પછી શ્વાસ લેતા પરત આવી જાવ. ■

sanjogpurti@gmail.com

# મમરા બન્યા સુપરહીરો !



"અરે વાહ! આ કડાઈમાં તો રેતી છે! રેતીમાં રમવાની કેવી મજા પડે! મારે પણ રેતીમાં રમવું છે!" - કાચની બરણીમાં બંધ ચોખાભાઈ બોલ્યા. આ ચોખાભાઈ એકદમ ધોળા-ધોળા, લાંબા અને પાતળા હતા. એ આખો દિવસ બરણીમાં પડ્યા રહે. એમને તો બહાર નીકળી પેલી રેતીમાં રમવું હતું. પણ કરે શું? એક દિવસ ચોખાભાઈની નજર સગડી પર પડી. તેમણે જોયું કે સગડી પર એક મોટી કાળી કડાઈ હતી. એમાં રેતી હતી.

એક વખત કોઈએ આ બરણીનું ઢાંકણું ખોલ્યું. ચોખાભાઈ એ તક ઝડપી લીધી. એ તો ધીમે રહીને કૂદયા અને બરણીમાંથી બહાર નીકળી ગયા. એમને થયું, "હાશ! હવે રેતીમાં જઈને રમું!" એમ વિચારી એ તો ગબડ્યા. એ તો 'ગબડ... ગબડ...' કરતા જઈને પડ્યા રેતીવાળી કડાઈમાં!

રે વાર્તા!
મનીષ સુથાર

ચોખાભાઈ તો ખુશ થઈ ગયા, "હાશ, હવે રેતીમાં રમવાની મજા પડી જશે. એમણે વિચાર્યુ મારા મિત્રો હોત તો હજુય મજા પડત." થોડીવારમાં ચોખાભાઈ કૂદવા લાગ્યા. રેતી ગરમ હતી. જેવી ચોખાભાઈની પીઠ ગરમ રેતીને અડી ચોખાભાઈ કૂદવા લાગ્યા, "ઓ બાપ રે! આ તો બહુ ગરમ છે! બચાવો, બચાવો!" ચોખાભાઈ કડાઈમાં આમ-તેમ ગુલાંટ મારવા લાગ્યા. એમાંય કોઈકે સગડી ચાલુ કરી. રેતી વધુ ગરમ થઈ. રેતીમાં એ વધારે ને વધારે શેકાવા લાગ્યા. ગરમીથી બચવા એ આખી કડાઈમાં આમતેમ કૂદવા લાગ્યા - 'ધિંગા ચીકા, ધિંગા ચીકા!'

એટલામાં એક જોરદાર ધડાકો થયો! ચોખાભાઈ આખેઆખા ઊંધા વળી ગયા. એમનું પેટ ફૂલીને મોટું-મોટું થઈ ગયું હતું. જે ચોખાભાઈ એકદમ પાતળા હતા, તેના બદલે એ એકદમ જાડાપાડા અને પોચા-પોચા બની ગયા!

ચોખાભાઈએ પોતાના હાથ-પગ જોયા અને બોલ્યા, 'અરે વાહ! હવે તો હું એકદમ હલકો થઈ ગયો! હવે તો હું હવામાં ઊડી શકું છું!'

એટલામાં કડાઈમાં ઘણા બધા તેના મિત્રો આવ્યા. બધા ગરમ રેતીમાં કૂદાકૂદ કરવા લાગ્યા. થોડીવારમાં બધા ચોખા ફૂલીને જાડાપાડા અને પોચા-પોચા બની ગયા!

હવે એ બની ગયા હતા કુરકુરા મમરાભાઈ!

બધા મમરાભાઈ કડાઈમાંથી સીધા ડિશમાં આવી ગયા અને બોલ્યા, "જોયું? ગરમીમાં તપીને આપણે કેવા સુપરહીરો બની ગયા!" પછી તો એમાં સેવ, ડુંગળી ઉમેરાઈ અને લીંબુ નીચોવ્યું. બાળકો હોંશે હોંશે એમને 'કુરુમ કુરુમ' કરતાં ખાઈ ગયા! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

રોકડિયાપરા વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાનો ઉર્જામંત્રીના હસ્તે શુભારંભ

# ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના જન્મદિને વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ

અમરેલી,તા.૦૯

અમરેલી વિધાનસભા ક્ષેત્રમાં રાજ્યના ઉર્જા અને કાયદા વિભાગના મંત્રી કૌશિક વેકરિયાના જન્મદિવસ નિમિત્તે વિવિધ વિકાસલક્ષી કાર્યોના ખાતમૂહર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે કરોડો રૂપિયાના ખર્ચે થનારા વિકાસ કાર્યોને મંજૂરી આપી તેમના પ્રારંભ કરાવવામાં આવ્યા હતા, જેના કારણે શહેર અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને અનેક સુવિધાઓનો લાભ મળશે. અમરેલી શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે નગરપાલિકા દ્વારા અંદાજે રૂ. ૩૮૫.૪૮ લાખના ખર્ચે આધુનિક રમતગમત અને મનોરંજનની સુવિધાઓના નિર્માણ માટે ખાતમૂહર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ અંતર્ગત બેડમિન્ટન કોર્ટ, ઈન્ડોર ડોમ, પિકલ બોલ કોર્ટ, ટેનિસ કોર્ટ, બોક્સ ક્રિકેટ કોર્ટ, ક્રિકેટ પિચ તેમજ વોલીબોલ





કોર્ટ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે. આ સુવિધાઓથી યુવાનો અને રમતવીરોને તાલીમ તથા રમતગમત માટે ઉત્તમ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનશે.કાર્યક્રમ દરમિયાન અમરેલી શહેર અને આસપાસના વિસ્તારોમાં આવેલી કુલ ૨૧ આંગણવાડીઓ માટે કમ્પાઉન્ડ વોલના નિર્માણ કાર્યનું પણ ખાતમૂહર્ત કરવામાં આવ્યું હતું. આ કામગીરીથી બાળકોની સુરક્ષા અને આંગણવાડી કેન્દ્રોની સુવિધાઓમાં વધારો થશે.શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હતી. શહેરની સરકારી માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓને આધુનિક અને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપરાંત, રોકડિયાપરા વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાનો શુભારંભ પણ ઉર્જા મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે કરવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે આગામી સમયમાં અમરેલી વિધાનસભા વિસ્તારના વિદ્યાર્થીઓ માટે 'વિદ્યારત્ન એવોર્ડ' સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ હેઠળ બોર્ડ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા આશરે ૩૦૦ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સન્માનિત કરવામાં આવશે.

# અમરેલીના ગજેરા કેમ્પસમાં ૬૦૦૦થી વધુ વિદ્યાર્થીઓની હાજરીમાં પ્રવેશોત્સવ યોજાયો

અમરેલી,તા.૦૯

અમરેલીમાં ૮ જૂન ૨૦૨૬ના રોજ નવા શૈક્ષણિક વર્ષના પ્રથમ દિવસે ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલ અંતર્ગત વિવિધ શાળાઓમાં ભવ્ય પ્રવેશોત્સવ યોજાયો હતો. જિલ્લા શિક્ષણ અધિકારીની વિશેષ ઉપસ્થિતિમાં બાલમંદિરથી ધોરણ-૧૨ સુધીના ૬૦૦૦થી વધુ વિદ્યાર્થીઓનું કુમકુમ



તિલક અને પ્રાર્થના સાથે હર્ષોલ્લાસભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.પ્રમુખ વસંતભાઈ ગજેરાના વિચારોને અનુરૂપ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, સુરક્ષા અને સંસ્કાર સિંચન માટે કેમ્પસમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. બાળકોના મનોરંજન માટે મિકી માઉસ, પાન્ડા જેવા કાર્ટૂન પાત્રો, સેલ્ફી પોઈન્ટ અને આકર્ષક સજાવટ કરવામાં આવી હતી. આ પ્રસંગે વાલીઓને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સહયોગ આપવા આહ્‌વાન કરાયું હતું. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, મંત્રીઓ, કેમ્પસ ડાયરેક્ટર, પ્રિન્સિપાલ અને શૈક્ષણિક સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત કરી

અમરેલી,તા.૦૯

ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ બેઠકમાં સંઘાણીએ પોતાના તાજેતરના અમેરિકા પ્રવાસ દરમિયાન આયોજિત બેઠકો અને કૃષિ તેમજ સહકારિતા ક્ષેત્રની મહત્વપૂર્ણ બાબતોની માહિતી



આપી હતી. તેમણે અમેરિકામાં કૃષિ નવીનીકરણ, સહકારી મોડલ, ટેક્નોલોજી હસ્તાંતરણ અને ખેડૂતકેન્દ્રિત પહેલો અંગે થયેલી ચર્ચાઓના મુખ્ય મુદ્દાઓ રજૂ કર્યા હતા.બંને મહાનુભાવો વચ્ચે ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ, ખાદ્ય સુરક્ષા, ટેક્નોલોજી અને ખેડૂત સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં સંભવિત સહકાર અને જ્ઞાનના આદાન-પ્રદાનને મજબૂત કરવા પર ભાર મૂકાયો હતો. સંઘાણીએ મંત્રીના દૂરદર્શી નેતૃત્વની પ્રશંસા કરી વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારતીય કૃષિ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરશે. આ મુલાકાત વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય સહકાર મજબૂત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# સુરતમાં વિઠલપુર ગામ પરિવારનો ૧૮મો સ્નેહમિલન સમારોહ યોજાયો

અમરેલી,તા.૦૯

સુરત મુકામે વિઠલપુર ગામ પરિવાર દ્વારા ૧૮મો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો, જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓ, વિશિષ્ટ સિદ્ધિ મેળવનારાઓ અને દાતાઓને એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. વિઠલપુર ખંભાળીયા આજે ગુજરાતમાં શિક્ષણનું રોલ મોડલ બની રહ્યું છે. ગામના કેળવણીકાર મનુભાઈ ગોંડલીયાના જણાવ્યા મુજબ, અહીંના વિદ્યાર્થીઓએ ૯૮ ટકાથી વધુ ગુણ મેળવ્યા છે.આ ગામની નિસ્વાર્થ સેવાથી સમાજને



૧૦૦૦થી વધુ ડોક્ટરો અને એન્જિનિયરો મળ્યા છે. ગામના ૧૬૦થી વધુ લોકો ૮ દેશોમાં ટેકનોલોજી ક્ષેત્રે કાર્યરત છે અને ૧૬૦થી વધુ લોકો માસ્ટર ડિગ્રી ધરાવે છે. ગામના નિકુલભાઈ ગોટી ઈસરોમાં વૈજ્ઞાનિક છે, જ્યારે અન્ય સભ્યોમાં ૮ Ph.D., ૨૦ ડોક્ટરો અને ૨૦થી વધુ સરકારી અધિકારીઓ સામેલ છે.

# અમરેલીમાં ૧૭ કરોડના ખર્ચે આધુનિક સંયુક્ત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત

**ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ શહેરમાં વિકાસને નવી ગતિ આપી**

અમરેલી,તા.૦૯

અમરેલી શહેરમાં અંદાજે ૧૭ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર પ્રાંત કચેરી, મામલતદાર ગ્રામ્ય કચેરી અને મોડેલ સબ-રજિસ્ટ્રાર ઓફિસના આધુનિક સંયુક્ત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત રાજ્યના ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવું સંકુલ કાર્યરત બન્યા બાદ નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે અને એક જ છત નીચે ઉપલબ્ધ બનશે. હાલમાં વિવિધ વહીવટી સેવાઓ માટે લોકોને અલગ-અલગ કચેરીઓમાં જવું પડતું હોવાથી સમય અને શ્રમનો વ્યય થતો હતો. નવા



સંયુક્ત વહીવટી સંકુલના નિર્માણથી જમીન દસ્તાવેજોની નોંધણી, આવક અને જાતિના દાખલા, મહેસૂલી અરજીઓ, જમીન રેકોર્ડ સહિતની વિવિધ સેવાઓ સરળતાથી એક જ સ્થળે ઉપલબ્ધ થશે. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોને વધુ સુલભ, ઝડપી અને પારદર્શક સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ છે. તેમણે ઉમેર્યું હતુ કે વિવિધ વહીવટી સેવાઓનું એક જ સ્થળે કેન્દ્રીકરણ થવાથી લોકોને ગુણવત્તાયુક્ત સેવાઓ સરળતાથી પ્રાપ્ત થશે અને "સરકાર તમારા દ્વારે"ની ભાવનાને વધુ મજબૂતી મળશે.

# ઉનાના બંધારડા ગામે સાસરીયામાં રાજુલા પંથકની યુવતીને ત્રાસ

રાજુલા, તા. ૦૯

ઉનાના બંધારડા ગામે રાજુલાના ઉચૈયા ગામની એક પરિણીતાને સાસુ-સસરાની ચડામણીથી પતિએ મારકૂટ કરી હતી. પતિએ લાફો મારી ત્રાસ આપ્યો હતો. આ અંગે વૈશાલીબેન વિશાલભાઈ જોગદીયા (ઉ.વ.૨૫)એ પતિ વિશાલ કનુભાઈ જોગદીયા, સાસુ નિમુબેન કનુભાઈ જોગદીયા તથા સસરા કનુભાઈ ધનાભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના પતિ તથા સાસુ-સસરા અવારનવાર કરિયાવર બાબતે મેણાટોણા મારીને પતિને ખોટી રીતે ચડાવતા હતા.


**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.૧૪૪/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી સલીમભાઈ અલીભાઈ કટારીયા,
રહે. આરબવાડા, વાવડી ચોક, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર, ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેકસ, બીજો માળ, દુકાન નં. ૧૦ અરજદાર

**-//વિરૂધ્ધ//-**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા.ઉના, જિ.ગીર સોમનાથ
સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉના ગામના રહીશ સલીમભાઈ અલીભાઈ કટારીયા તથા આમનાબેન સલીમભાઈ કટારીયાના પુત્રી સુરૈયા સલીમભાઈ કટારીયાનો જન્મ તારીખ ૦૫/૦૬/૨૦૦૦ના રોજ ઉના તાલુકાના ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા ઉના, તાલુકો ઉના સને ૨૦૦૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫ : ૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઉના

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.૧૪૫/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી સલીમભાઈ અલીભાઈ કટારીયા,
રહે. આરબવાડા, વાવડી ચોક, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર, ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેકસ, બીજો માળ, દુકાન નં. ૧૦ અરજદાર

**-//વિરૂધ્ધ//-**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા. ઉના, જિ.ગીર સોમનાથ
સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉના ગામના રહીશ સલીમભાઈ અલીભાઈ કટારીયા તથા આમનાબેન સલીમભાઈ કટારીયાના પુત્રી સમા સલીમભાઈ કટારીયાનો જન્મ તારીખ ૧૨/૦૧/૧૯૮૭ના રોજ ઉના તાલુકાના ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા ઉના, તાલુકો ઉના સને ૧૯૮૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫ : ૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.કે.ભિમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઉના

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં કોડીનાર//-**

અરજી નં.૧૫૯/૨૦૨૬
મરણ તા. ૦૯/૦૨/૨૦૦૫

**પ્રતિ,**
શ્રી વિક્રમભાઈ મનુભાઈ ભાલીયા
રહે.સુગાળા ગામ-સુગાળા,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત નગડલા/ સુગાળા જુથ,તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી વિક્રમભાઈ મનુભાઈ ભાલીયા, રહે.સુગાળા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી નોધણભાઈ જીવાભાઈ મકવાણા તથા વાલબાઈ નોધણભાઈ મકવાણા ના પુત્રી બાજુબેન મનુભાઈ ભાલીયાનો મરણ તા. ૦૯/૦૨/૨૦૦૫ ના રોજ કોડીનાર તાલુકાના સુગાળા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ,વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ કોર્ટનો સહી તથા સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહિ
(એચ.કે. ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ નં.૧૪૭/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી સલીમભાઈ અલીભાઈ કટારીયા,
રહે. આરબવાડા, વાવડી ચોક, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર, ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેકસ, બીજો માળ, દુકાન નં. ૧૦ અરજદાર

**-//વિરૂધ્ધ//-**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા. ઉના, જિ.ગીર સોમનાથ
સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉના ગામના રહીશ સલીમભાઈ અલીભાઈ કટારીયા તથા આમનાબેન સલીમભાઈ કટારીયાના પુત્રી સાબેરા સલીમભાઈ કટારીયાનો જન્મ તારીખ ૨૦/૦૨/૧૯૮૮ ના રોજ ઉના તાલુકાના ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા ઉના, તાલુકો ઉના સને ૧૯૮૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫ : ૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઉના

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.૧૪૯/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી સલીમભાઈ અલીભાઈ કટારીયા,
રહે. આરબવાડા, વાવડી ચોક, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર, ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેકસ, બીજો માળ, દુકાન નં. ૧૦ અરજદાર

**-//વિરૂધ્ધ//-**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા. ઉના, જિ.ગીર સોમનાથ
સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉના ગામના રહીશ સલીમભાઈ અલીભાઈ કટારીયા તથા આમનાબેન સલીમભાઈ કટારીયાના પુત્રી સાહિસ્તા સલીમભાઈ કટારીયાનો જન્મ તારીખ ૧૦/૦૮/૧૯૯૬ ના રોજ ઉના તાલુકાના ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા ઉના, તાલુકો ઉના સને ૧૯૯૬ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫ : ૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઉના

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.૧૪૬/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી સલીમભાઈ અલીભાઈ કટારીયા,
રહે. આરબવાડા, વાવડી ચોક, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર, ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેકસ, બીજો માળ, દુકાન નં. ૧૦ અરજદાર

**-//વિરૂધ્ધ//-**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ આફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા. ઉના, જિ.ગીર સોમનાથ
સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉના ગામના રહીશ સલીમભાઈ અલીભાઈ કટારીયા તથા આમનાબેન સલીમભાઈ કટારીયાના પુત્રી શબાના સલીમભાઈ કટારીયાનો જન્મ તારીખ ૧૩/૦૭/૧૯૯૭ના રોજ ઉના તાલુકાના ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા ઉના, તાલુકો ઉના સને ૧૯૯૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫ : ૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઉના

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.૧૪૮/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી સલીમભાઈ અલીભાઈ કટારીયા,
રહે. આરબવાડા, વાવડી ચોક, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર, ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેકસ, બીજો માળ, દુકાન નં. ૧૦ અરજદાર

**-//વિરૂધ્ધ//-**
રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના,
નગરપાલીકા, ઉના, તા.ઉના, જિ.ગીર સોમનાથ
સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉના ગામના રહીશ સલીમભાઈ અલીભાઈ કટારીયા તથા આમનાબેન સલીમભાઈ કટારીયાના પુત્રી સહેનાજ સલીમભાઈ કટારીયાનો જન્મ તારીખ ૨૦/૦૩/૧૯૯૫ ના રોજ ઉના તાલુકાના ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા ઉના, તાલુકો ઉના સને ૧૯૯૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે.જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૫ : ૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૦૪/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.


કોર્ટનો સિક્કો

સહી,
(ડી.કે.ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઉના

# અમરેલી સહિત રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો

અમદાવાદ,તા.૦૯

ગુજરાતમાં હાલ અસહ્ય ઉકળાટ અને ગરમીની વચ્ચે હવામાન વિભાગે વરસાદની મોટી આગાહી કરી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જેવી બે સિસ્ટમ સક્રિય થવાના કારણે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જેવા




જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. બીજી તરફ, રાજ્યના મધ્ય ભાગમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે, જેમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની આશંકા છે. આ સિવાય અમરેલી, ભાવનગર અને ગાંધીનગરમાં પણ પારો ૪૦ ડિગ્રીને પાર જશે. આગામી દિવસોમાં વરસાદથી લોકોને ગરમીમાં આંશિક રાહત ચોક્કસ મળશે, પરંતુ મોટાભાગના વિસ્તારોમાં ભેજ અને ઉકળાટનું પ્રમાણ યથાવત રહેતા બેવડી ઋતુનો અનુભવ થશે.

# સા.કુંડલા અને ખાંભા પંથકમાં સવારે ભુકંપનો આંચકો આવતા લોકોમાં ફફડાટ

અમરેલી,તા.૦૯

સાવરકુંડલા અને ખાંભા પંથકમાં આજે મંગળવારે સવારે ૧૧:૪૩ વાગ્યે ૨.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો. આ આંચકાની અસર ગીરકાંઠાના મીતિયાળા, સાકરપરા, ખાંભા, ભાડ, વાંકિયા અને ઈંગોરાળા સહિતના અનેક ગામોમાં અનુભવાઈ હતી. ભૂકંપનો આંચકો અનુભવાતા કેટલાક સ્થળોએ લોકો થોડા સમય માટે ઘર અને દુકાનોમાંથી બહાર નીકળી આવ્યા હતા.પ્રાપ્ત માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી ગીરકાંઠાના વિસ્તારમાં વારંવાર હળવા ભૂકંપના આંચકા નોંધાઈ રહ્યા છે. આજે આવેલા આંચકાની તીવ્રતા ઓછી હોવાથી કોઈ જાનહાનિ કે માલમિલકતને નુકસાન થયાના અહેવાલ મળ્યા નથી. જોકે, સતત અનુભવાતા



ભૂકંપના આંચકાઓને કારણે સ્થાનિક રહેવાસીઓમાં ચિંતા અને ભયનો માહોલ જોવા મળી

**ભુકંપની તીવ્રતા ૨.૧ માપવામાં આવી**

રહ્યો છે. ભૂકંપ બાદ તંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ઓછી તીવ્રતાના આંચકાથી સામાન્ય રીતે મોટા નુકસાનની શક્યતા રહેતી નથી, છતાં સાવચેતી રાખવી જરૂરી છે.

# હિંમતનગર નજીક ગમખ્વાર અકસ્માતમાં ત્રણ મુસાફરોના મોત

હિંમતનગર,તા.૦૯

સાબરકાંઠાના હિંમતનગર નજીક આવેલા હાથરોલ પાસે ગાંભોઈ-રણાસણ સ્ટેટ હાઈવે પર એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. આ ઘટનામાં પૂરપાટ ઝડપે દોડતી રિક્ષા અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે રિક્ષામાં સવાર ત્રણ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે કાર ચાલક સહિત અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. ગાંભોઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોનું પંચનામું કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે હિંમતનગરમાં


**કાર ચાલક સહિત અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવારમાં ખસેડાયા**

અકસ્માતોનો સિલસિલો યથાવત છે. બે મહિના પહેલા જ શામળાજી-હિંમતનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જસવંતગઢ પાટિયા પાસે લક્ઝરી બસ અને કાર વચ્ચે થયેલા ભીષણ અકસ્માતમાં છ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા હતા અને છ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

# ખેડૂતા માટે આવતીકાલથી નર્મદાની નહેરોમાં સિંચાઈનું પાણી છોડવાનો રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર,તા.૦૯

ગુજરાત સરકારે ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેતાં આગામી ૧૧ જૂન ૨૦૨૬થી નર્મદાની નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડવાની જાહેરાત કરી છે. સામાન્ય આયોજન કરતાં વહેલા પાણી છોડવાના નિર્ણયથી ખરીફ પાકની તૈયારી કરી રહેલા ખેડૂતોને મોટી રાહત મળશે. નર્મદા કમાન્ડ વિસ્તારના ધારાસભ્યો અને સાંસદોએ ખેડૂતોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વહેલી તકે પાણી છોડવા રજૂઆતો કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને નર્મદા યોજનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ઉપલબ્ધ પાણીના જથ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. સમીક્ષા બાદ ખેડૂતોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સરકાર દ્વારા જણાવાયું છે.




# દિલ્હીમાં યોજાનારા કોળી સમાજના સંમેલનને લઈને નેતાઓ આમને-સામને

અમદાવાદ,તા.૦૯

અખિલ ભારતીય કોળી સમાજના નામે આગામી અઠવાડિયે દિલ્હીમાં બે અલગ-અલગ સંમેલનો યોજાનાર હોવાથી સમાજ અને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. ૧૪ જૂને યોજાનારા સંમેલનમાં ગુજરાતના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા સહિત અનેક આગેવાનો હાજરી આપવાના છે, જ્યારે ૨૧ જૂને યોજાનારા અન્ય સંમેલનમાં





હીરા સોલંકી સહિતના નેતાઓ ભાગ લેશે.૨૧ જૂનના સંમેલન અંગે કુંવરજી બાવળીયાએ આક્ષેપ કર્યો છે કે આ કાર્યક્રમ અંગત સ્વાર્થ અને રાજકીય લાભ માટે આયોજિત કરવામાં આવ્યો છે. બીજી તરફ, અખિલ ગુજરાત ભારતીય કોળી સમાજના યુવા વિંગના અધ્યક્ષે જણાવ્યું કે તેમનું સંમેલન અગાઉથી નક્કી કરવામાં આવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ, તેમના કાર્યક્રમને મળતા પ્રતિસાદને ધ્યાનમાં રાખીને જ સમકક્ષ સંમેલન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે હીરા સોલંકીના નેતૃત્વમાં ગુજરાતમાંથી આશરે ૩૦૦ પ્રતિનિધિઓ દિલ્હી જવાના છે.

# સુરતમાં પાંચ મહિનામાં ૫૦ લોકોની હત્યા

સુરત,તા.૦૯

સુરત શહેરમાં ગુનાખોરીનો ગ્રાફ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. છેલ્લા માત્ર ૫ મહિનામાં ભાજપના એક સ્થાનિક નેતા સહિત ૫૦ લોકોની ઘાતકી હત્યા થતાં સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સરેરાશ ગણતરી મુજબ, સુરતમાં દર ૩૮ કલાકે એક નિર્દોષ વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યા થઈ રહી છે.







